
॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ફેબ્રુઆરી ૨૦૨૬ * વર્ષ ૪૦ * અંક ૧૧

**હે પ્રાણ પૂરનારા, સાહેબ હે દુલારા...**
**વંદન તને સમર્પણ, જીવન ને મન અમારાં !**

॥ ગુરુહરિ સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે ગદ્‌ગદભાવે પ્રાર્થના સાથે અનંત પ્રણામ ॥



# શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના ગુણાતીત જ્યોતિર્ધર ગુરુહરિ સાહેબજીને પ્રાગટ્ય મહાપર્વે અનંત વંદન !

**ઈ.સ.** ૨૦૨૬નું આ વર્ષ એક ઐતિહાસિક વર્ષ છે. આ વર્ષે અનુપમ મિશનની સ્થાપનાને ૫૦ વર્ષ થઈ રહ્યાં છે; તેથી, અનુપમ મિશનની સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ છે. સાઠ વર્ષ પૂર્વે ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે અમદાવાદમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે કેવળ ભગવાં વસ્ત્રથી નહીં, પરંતુ ભગવાં હૃદયથી ગુણાતીત સાધુતા સહજ કરવાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિરૂપી જે મંત્રદીક્ષા યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને આપી, તેની હીરક જયંતીનું આ વર્ષ છે. વળી, આ વિશ્વના અદ્વિતીય આધ્યાત્મિક સમાજ એવા શ્રી ગુણાતીત સમાજની સ્થાપનાની હીરક જયંતીનું પણ આ વર્ષ છે. આ ત્રણેય ઘટના જગતના આધ્યાત્મિક ઇતિહાસમાં અજોડ ઘટનાઓ છે. તેથી, આ વર્ષે નિત્ય પ્રત્યે આપણી પ્રાર્થનામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, સર્વ ગુણાતીત સંતો તથા સવિશેષ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શ્રી ચરણે ગદ્ગદ હૃદયે નતમસ્તક થઈને જેટલા ધન્યભાવ અર્પણ કરીએ તેટલા ઓછા છે.

ગુણાતીત સાધુતા સહજ કરવા માટે સાધના કરતા સૌને ૬૦ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જે મંત્રદીક્ષા આપી છે, તેનો સાર છે કે, આપણાં હૃદય ભગવાં કરવાં. એટલે કે, આપણાં હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા આપણાં હૃદય મંદિરરૂપ અને જીવન તીર્થસ્વરૂપ બનાવવાં. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતનું સ્પષ્ટ અને દૃઢ પ્રતિપાદન કરતાં શ્રીજી મહારાજે પોતાના વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં આવાં ભગવાં હૃદય – જે હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેની સહજ રીતિ સમજાવતાં પરાવાણી ઉચ્ચારી છે કે, "...પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે **<u>મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે</u>** એમ સમજે. અને વળી પોતે એમ જ સમજતો હોય જે, ચાહે કોઈ મારી ઉપર ધૂળ નાંખો, ચાહે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાહે કોઈ હાથીએ બેસાડો, ચાહે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે; તથા, જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે; એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય **<u>તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે</u>**..."

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી તો દિવ્ય મૂર્તિ છે; છતાં, આપણને સૌને પ્રેરણા મળે તે અર્થે તેઓના જીવનની પ્રત્યેક પળે તેઓએ શ્રીજી મહારાજે પ્રબોધેલો ઉપરોક્ત સિદ્ધાંત પોતાના જીવનમાં સહજ સાકાર કર્યો છે. સ્વયં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે અનેક પત્રમાં સાહેબજીને સંબોધીને લખ્યું છે કે, તેઓ "દિવ્ય મૂર્તિ છે", તેઓમાં "સ્વામી શ્રીજી અખંડ બિરાજમાન છે", તેઓ "જે ધારશે તે થાશે !" હૃદય ભગવું કરી તેમાં ભગવાનના અખંડ નિવાસ કરાવવાની શ્રી યોગીજી મહારાજની આજ્ઞારૂપી મંત્રદીક્ષાના ગુણાતીત જ્યોતિર્ધર સાહેબજી કેવા અલૌકિક છે તેની ઝાંખી કરાવતાં અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પોતાની વાતોના ચોથા પ્રકરણની ૧૩૯મી વાતમાં કહે છે કે, "... (આ સાધુ) મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીથી એ મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા એ મોટા છે. એના વિના ભગવાનને ચાલતું નથી, એનાં દર્શને પંચ મહાપાપ બળી જાય છે. એની ઇન્દ્રિયું ની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે; જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો, તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, એ અન્નદાતા છે; અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને **<u>એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, ભગવાન એના ભેળા રહ્યા છે,</u>** અવિનાશી ધામને પમાડે છે, કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે, સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે, 'કામિલ, કાબિલ, સબ હુન્નર તેરે હાથ' એવા છે..."

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્ય મહામંગલે અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજે જેની ઝાંખી કરાવી છે તે પ્રકારે તેઓનો યથાર્થ મહિમા સમજાય, તેઓમાં દૃઢ આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય, તેઓની આજ્ઞા પ્રમાણે આપણું જીવન સહજ બને અને તેઓના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તેવી શુભ પ્રાર્થના સહ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં પ્રાગટ્ય મહાપર્વે અનંત વંદન ! ◆

~સ્વા.શ્રી... ~ સાધુ મનોજદાસ




### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી પોષીપૂર્ણિમા મહાપર્વે આશીર્દાન**
**૩ જાન્યુઆરી ૨૦૨૬, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**ઈ.સ.૨૦૨૦**ની પોષીપૂનમે આપણા બ્રહ્મજ્યોતિ મંદિરના શ્રી ઠાકોરજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ, એ દિવસથી દર વર્ષે આ રીતે પાટોત્સવ પૂજનવિધિમાં એકત્ર થઈ, પૂજામાં આપણે સૌ ભક્તિ અદા કરીએ છીએ. ઘણા નવા ભક્તો આવ્યા છે એટલે વાત કરું છું. યોગીબાપાનું શતાબ્દીપર્વ ૧૯૯૨માં ઊજવ્યું તેનાં બે વરસ પહેલાં ૧૯૯૦માં બધાનો ભાવ હતો અને ખાસ કરીને અમારા ઇંગ્લૅન્ડના ભક્તોનો ભાવ હતો કે, બ્રહ્મજ્યોતિમાં મંદિર કરીએ. એટલે એમણે ફંડ ઊઘરાવ્યું ને અહીં આ ગ્રાઉન્ડમાં ખાતમુહૂર્ત પણ કર્યું. ૧૯૯૨માં યોગીબાપાનું શતાબ્દીપર્વ આવ્યું ત્યારે અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમને બધાને થયું કે, ધારી ગામે યોગીજી મહારાજ રૂપે આપણને અદ્ભુત ભેટ આપી છે અને યોગીજી મહારાજના કારણે જ આપણે બધા ઊજળા છીએ, સુખી છીએ. યોગીબાપા ૧૬ વર્ષે સાધુ થયા પછી ધારી ગામમાં ગયા નથી, તેઓએ ધારી ગામનું ઝાડવું પણ નહીં જોયેલું; બાપા એવા નિયમ-ધર્મ પાળતા. યોગીબાપા ના જાય એટલે ધારી ગામ તરફ કોઈનું ધ્યાન જ નહીં ગયેલું. ૧૯૭૧માં યોગીબાપાએ દેહ છોડ્યો ત્યાર પછી જ ઘણા બધા અને આપણે પણ ધારી જતા થયા.

અમે છપૈયા જતા ત્યારે જોયું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યના પ્રસાદીના મંદિરમાં ગામનાં લોકો બહુ નથી આવતાં. અમને થયું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન આ છપૈયા ગામમાં પ્રગટ થયા, એમના પ્રાગટ્યસ્થાને દેશ-દેશાવરથી રેલવેમાં, બસમાં મુસાફરી કરી લોકો દર્શન કરવા આવે છે, અને ગામનાં લોકો ચાલીને મંદિરે આવી શકે તેમ છે તો પણ દર્શન કરવા નથી આવતાં. અમે ગામનાં પ્રસાદીનાં સ્થાનોનાં દર્શને ગયા ત્યારે ત્યાંના થોડા મુક્તોને પૂછ્યું કે, 'મંદિરે કેમ આવતા નથી ?' તેઓનો જવાબ હતો કે, 'ઘનશ્યામે અમને છોડી દીધા એટલે અમે ઘનશ્યામને છોડી દીધા.' પણ શ્રી ઘનશ્યામ કંઈ છપૈયામાં રહેવા માટે નહોતા પ્રગટ્યા, તેઓ તો અનંત જીવોનાં કલ્યાણ કરવા પ્રગટ થયા હતા; પણ છપૈયામાં કોઈએ એ તરફ ધ્યાન ના આપ્યું.

પછી તો અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમે બધા ફરી છપૈયા ગયા ત્યારે ભગવાને અમને સુઝાડ્યું ને પ્રેરણા કરી તો ત્યાંનાં લોકોને કપડાં આપ્યાં, આંખ તપાસના કૅમ્પ કર્યા, ડૅન્ટલ કૅમ્પ કર્યા, મૅડિકલ કૅમ્પ કર્યા ને દવાઓ આપી. તેથી, ત્યાંના મંદિરના કોઠારી કહેતા કે, 'તમે આ બધું કર્યું તેથી અમારા મંદિરમાં ભક્તો આવવાના વધી ગયા.' છપૈયામાં આપણું અનુપમ મિશનનું યુવક મંડળ સ્થપાઈ ગયું છે ને એ યુવક મંડળના આગેવાન ભાનુપ્રસાદનાં માર્ગદર્શનમાં યુવાનો સરસ કામ કરે છે. કોઈ ભક્તો છપૈયા જાય ત્યારે આ યુવકો પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરાવે છે, મંદિરમાં સેવાઓ કરે છે, સભા કરે છે. તેઓ પણ આજે અહીં આવ્યા છે.

એવી જ રીતે યોગીબાપા પણ ધારીથી સાધુ થવા નીકળી ગયા એટલે ધારી ગામવાળાને એવું ના થાય કે, યોગીજી મહારાજ ગામમાંથી નીકળી ગયા એટલે અમે યોગીજી મહારાજને છોડી દીધા. એટલે અમને થયું કે, આપણે ધારીમાં કંઈક પ્રવૃત્તિ કરીએ, પણ પહેલાં આપણે ગામમાં શું જરૂર છે એ પૂછીએ. એટલે ધારીમાં રહેતા ડૉ. જસાણીદાદાને પૂછ્યું. જસાણીદાદા કહે, 'તમારી પાસે બજેટ કેટલું છે ? પૈસા કેટલા છે ? એ પ્રમાણે પ્રૉજેક્ટ બતાવું કે શું કરવું છે.' અમે કહ્યું, 'જુઓ જસાણીદાદા, અમારા ગુરુદેવ યોગીજી મહારાજનું નામ છે, અમારા ગુરુદેવ યોગીજી મહારાજનું કામ છે અને અમારા ગુરુદેવ યોગીજી મહારાજનું ગામ છે; એટલે, બજેટ નક્કી નથી; પરંતુ જે કરવું હશે તે ભગવાનની કૃપા ને યોગીબાપાના આશીર્વાદથી થશે, ઇન્ફિનિટી બજેટ ! તમે બજેટની ચિંતા ના કરતા. યોગીજી મહારાજ અમારા માટે સાક્ષાત્ પ્રભુનું સ્વરૂપ હતા. અમે તો એમના આધારે ને એમના આશરે જીવીએ છીએ, એમને રાખીને

જીવવાનો પ્રયત્ન કરીએ છીએ એટલે બજેટનું એવું કશું વિચારતા નથી. એટલે તમે કામ કહો.' એટલે પછી એમણે કૉલેજનું કામ સોંપ્યું કે, આજુ-બાજુના ૪૦ કિ.મી.ના વિસ્તારમાં કૉલેજ નથી, તેથી છોકરીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભણતી નથી; તો, તમે કૉલેજ કરો. એટલે અમે કૉલેજ કરવાનું નક્કી કર્યું.

અનુપમ મિશનની ત્યારે શરૂઆત જ હતી. અને તમને સાચું કહું તો ફંડ પણ નહોતું. પણ અશ્વિનભાઈ-શાંતિભાઈને ઈષ્ટદેવ અને ગુરુદેવ યોગીજી મહારાજ પર એટલો બધો વિશ્વાસ કે, નક્કી કર્યું છે તો પ્રભુ કરાવશે જ ! તો કૉલેજ કરવી જ છે એમ નક્કી કરી મંડી પડ્યા. ત્યારે ઈંગ્લૅન્ડથી મંદિર માટેનું ફંડ આવ્યું હતું એટલે ઈંગ્લૅન્ડના ભક્તોને પ્રાર્થના કરી કે, અમે બ્રહ્મજ્યોતિ પર મંદિર તો કરીશું, પણ આવું શિખરબદ્ધ નહીં. પછી આપણા ઍન્જિનિયરો જાતે જ મંડી પડ્યા ને ઓછામાં ઓછા ખર્ચે નાનું 'પારમિતા' મંદિર બાંધ્યું ને તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ ગઈ. ને બીજા બધા પૈસાથી 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય મહિલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ' તૈયાર કરી દીધી. અમને 'પારમિતા' મંદિરના શ્રી ઠાકોરજી ફાવી ગયા હતા, તેમનાં દર્શન કરતા હતા, મજા આવતી હતી. બધાને એમની સાથે સુવાણ પણ થઈ ગઈ હતી.

એટલામાં ૨૦૧૭માં પરદેશથી આવેલા બધા ભક્તોને લઈને અમે છપૈયા દર્શને ગયા હતા. છપૈયા શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યસ્થાને ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ સવારની આરતી કરી અમે બધા નીચે ઊતર્યા. નીચે ઊતર્યા એટલે ડૉ. જિતુભાઈ, બિમલભાઈ શેઠ, બારીન્દ્રભાઈ, ગોવિંદકાકા, શંકરકાકા, સતીશભાઈ, જગતભાઈ, વિજયકુમાર-આ બધા મને કહે કે, 'અમારે ઉપર ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ એક સંકલ્પ કરવો છે.' એટલે પછી અમે પાછા ઉપર ગયા. ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ ઊભા રહ્યા ને કહ્યું, 'બોલો ? શો સંકલ્પ છે તમારો ?' ત્યારે કહે, 'વેમારમાં મંદિર થયું, અમદાવાદમાં મંદિર થયું, મુંબઈમાં શિખરબદ્ધ મંદિર થયું, પણ બ્રહ્મજ્યોતિ, મોગરી જે આપણું હેડક્વાર્ટર છે છતાં ત્યાં શિખરબદ્ધ મંદિર નથી ત્યાં આપણે શિખરબદ્ધ મંદિર કરવું છે.' મેં કહ્યું, 'જુઓ, 'પારમિતા' મંદિર અમને માફક આવી ગયું છે અને અમને સંતોને પણ શ્રી ઠાકોરજી જોડે બરોબર મેળ પડી ગયો છે એટલે અમને વાંધો નથી.' ત્યારે કહે, 'અમારી ઈચ્છા છે કે તમે મંદિર કરો, અમે સાથ આપીશું.' મને થયું કે, છપૈયા ધામ છે, સ્વામિનારાયણ ભગવાનનું જન્મસ્થાન છે અને આટલા ભાવથી આ ભક્તો જ્યારે પ્રભુની પ્રેરણાથી સંકલ્પ કરાવતા હોય અને આપણે ના પાડીએ તો ભગવાન રાજી ના થાય; એટલે મેં કહ્યું, 'ચાલો, મંદિર કરીશું.' ને પછી ત્યાં અમે બધાએ શિખરબદ્ધ મંદિર કરવા માટેની ધૂન કરી.

પછી પાછા અહીં આવ્યા. ખાતમુહૂર્ત કર્યું. તે પછી બે મહિના થયા પણ અહીંયાં કશું હાલે નહીં-કશી મૂવમૅન્ટ ના થાય. એટલે પછી અમારી ઍન્જિનિયરિંગ ટીમ ને ફાઈનાન્સ ટીમને પૂછ્યું કે, 'અહીં ખાતમુહૂર્ત તો બહુ ધામધૂમથી કરાયું છે અને હવે કશું કામ કેમ નથી ચાલતું ?' ત્યારે કહે, 'અમારે તમને મળવું છે.' એટલે પછી તેમને પૂજામાં મળવા માટે બોલાવ્યા. સંદીપ, રાજુ, રમેશ ઝા ને ત્રણ-ચાર અમારા વ્રતધારી વડીલ સંતો આવ્યા. મેં પૂછ્યું, 'શું કારણ છે ?' ત્યારે કહે, 'આપણું વેમાર મંદિર છે કેટલું સરસ મંદિર છે ! હૉલ સરસ છે, મૂર્તિઓ સરસ છે, મંદિર પણ ફાઈન લાગે છે ! આપણું આ પથ્થરનું મંદિર ત્રીસથી ચાલીસ ચાલીસ કરોડનું થશે અને આવું વેમાર કે અમદાવાદ જેવું મંદિર જો કરીશું તો પાંચ-સાત કરોડમાં થઈ જશે એટલે હરિભક્તોને ભીડો પણ ઓછો પડશે અને કન્સ્ટ્રક્શન ધાર્યા કરતાં વહેલું થઈ જશે. એટલે અમારી ઈચ્છા છે કે, આવું વેમાર ને અમદાવાદ જેવું મંદિર કરીએ.' મેં કહ્યું, 'આપણા હરિભક્તોને લોડ ઓછો પડે તે વાત સાંભળીને મને ખૂબ જ આનંદ થયો છે. અને તમે સંતો બોલ્યા છો, સંતોમાંથી આવ્યું છે, એટલે મારે વિચાર કરવો પડે. એટલે એક કામ કરીએ, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમે ત્રણ જણા ભેગા થઈને તમારા સૂચન પર વિચાર કરીને પછી નિર્ણય કરીને તમને જણાવીએ.' પછી અમે ત્રણેય ભેગા થયા. એમાં અશ્વિનભાઈનું સૂચન આવ્યું કે, 'આપણે ૧૫ દિવસ ધૂન કર્યા પછી નિર્ણય લઈએ.' એટલે પછી અમે 'ઉપાસના'માં બધા સંતોએ ૧૫ દિવસ વારાફરતી સવારે ૭થી સાંજે ૭ સુધી-૧૨ કલાકની ધૂન કરી. પછી અમે મીટિંગ કરી.

અમારી ઍક્ઝિક્યુટિવ કમિટી સાથે વાત કરી કે, 'અશ્વિનભાઈ, શાંતિભાઈને તમારી કમિટીની મીટિંગમાં બોલાવો અને તમે બધા દૃષ્ટિકોણથી ચર્ચા કરો. સમયની રીતે, પૈસાની રીતે અને બીજી જે કંઈ જરૂરિયાત હોય એ બધાંની અશ્વિનભાઈ, શાંતિભાઈ આગળ ચર્ચાઓ કરો અને પછી અશ્વિનભાઈ જે નિર્ણય આપે તે ફાઈનલ કરજો.' એટલે અશ્વિનભાઈ,

યોગીજી મહારાજ
અમારા માટે સાક્ષાત્ પ્રભુનું સ્વરૂપ હતા.
અમે તો એમના આધારે ને
એમના આશરે જીવીએ છીએ.





**પ્રભુની પ્રસન્નતા માટે અઠવાડિક સત્સંગસભા, કમાતા હોઈએ તે કમાણીના દસમા-વીસમા ભાગનો ધર્માદો, અડધો કલાક ધૂન-સમયનો ધર્માદો કરવો અને કોઈની ખટપટ, નિંદા, માથાકૂટ કોઈ પણ સંજોગોમાં કરવાની નહીં, નહીં ને નહીં.**

શાંતિભાઈનાં સાંનિધ્યમાં 'સમન્વય'માં મીટિંગ કરી. મીટિંગમાં બે કલાક દરેક દૃષ્ટિકોણથી ચર્ચાઓ કરી. પછી દિલીપભાઈએ અશ્વિનભાઈને પૂછ્યું, 'હવે આપ શું કહો છો ?' એમણે કહ્યું, 'જુઓ ભાઈ, મંદિરનો આખો પ્રૉજેક્ટ શાંતિભાઈનાં માર્ગદર્શનમાં ચાલે છે, એટલે શાંતિભાઈ જે નિર્ણય કરે એને આપણે અનુસરીએ.' એટલે પછી શાંતિભાઈએ બે મિનિટ ધ્યાન કરી, પ્રાર્થના-ધૂન કરીને કહ્યું, 'બધી ચર્ચા સાંભળી, પણ મહારાજની ઈચ્છા છે કે, પથ્થરનું શિખરબદ્ધ મંદિર કરો !' આ નિર્ણય કર્યા પછી મીટિંગ પૂરી કરી દીધી.

મંદિરના પ્લાન થયા, ટૅન્ડર મંગાવ્યાં, એમાં એક ટૅન્ડર પસંદ કર્યું. ત્યારે અશ્વિનભાઈ ઈંગ્લૅન્ડ-અમૅરિકાના પ્રવાસે હતા. ૨૦૧૮માં કૉન્ટ્રાક્ટ આપી દેવાનો હતો. અશ્વિનભાઈ નહોતા એટલે મારી પાસે ટૅન્ડરનો આખો મોટો બંચ આવ્યો. એના માટે શાંતિભાઈની ઑફિસમાં મીટિંગ રાખી હતી. મને થયું કે, હું અડધો કલાક વહેલો જાઉં અને રાજુભાઈને મળું. રાજુભાઈ અશ્વિનભાઈ સાથે બધી નાણાંકીય વ્યવસ્થા સંભાળે છે એટલે મને થયું, પૂછું તો ખરો કે, ફંડ કેટલું છે? 'સમન્વય'માં દાદરો ચઢીને હું રાજુભાઈની ઑફિસમાં ગયો ને મેં કહ્યું, 'આજે પેલું જે ટૅન્ડર પાસ કર્યું છે તે કૉન્ટ્રાક્ટર આવવાના છે, એમની સાથે બેસીને આપણે કૉન્ટ્રાક્ટ ફાઈનલ કરવાનો છે એ માટે આ કાગળો આવ્યા છે.' મને કહે, 'બે દિવસથી મારી પાસે કાગળો આવી ગયા છે, મેં તેનો અભ્યાસ કર્યો છે.' એટલે મેં એને પૂછ્યું કે, 'તું શું કહે છે ?' એટલું મેં પૂછ્યું ત્યાં તો એ પોક મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો ! મને થયું કે આ શું થઈ ગયું ? એટલે મેં ઊભા થઈ એના માથે હાથ ફેરવ્યો, ધબ્બો માર્યો અને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરી. કારણ કે, એ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ છે અને ફાઈનાન્સનું મારું કામ નહીં તેથી મારાથી એને કોઈ લૉજિકથી કશું સમજાવાય નહીં. મને રાજુ કહે, 'આટલો મોટો કૉન્ટ્રાક્ટ અનુપમ મિશને કોઈ દિવસ કર્યો નથી. પૈસા છે નહીં, તો પૈસા ક્યાંથી આવશે ? બધા કહે છે કે આપીશું, પણ ટાઈમસર પૈસા આવશે નહીં. કૉન્ટ્રાક્ટર બિલ મૂકશે ત્યારે પૈસા હશે નહીં, બિલ લંબાઈ જશે. પાંચ વર્ષે કે કોણ જાણે ક્યારે મંદિર પૂરું થશે ? મારું તો મગજ જ કામ નથી કરતું.' તમે જુઓ તો, રાજુભાઈએ લાગણીસભર ભાવમાં આવીને આવું કહ્યું. જે સાચું હતું તેથી મારે તો જવાબ આપવાનો હતો જ નહીં, કેમ કે એ અમારો જવાબદાર ને હોશિયાર સાધુ, એટલે મેં પાંચ મિનિટ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરી એને સાંત્વના આપી. પછી ત્યાંથી ઊભો થઈ નીચે મીટિંગ હતી એટલે દાદરાની રૅલિંગ પકડીને બે મિનિટ ઊભો રહ્યો. મનમાં વિચાર્યું કે, મહારાજ શું કરું ? રાજુની વાત સાચી છે. અમારી કૅપેસિટી નથી એટલે પેલા કૉન્ટ્રાક્ટરને ના કહી દઉં કે અમારે મંદિર નથી કરવું. અને હવે ફાઈનલ નિર્ણય કરવો જ પડે એ ઘડી આવી ગઈ હતી એટલે આંખ બંધ કરી યોગીબાપા અને મહારાજને પ્રાર્થના કરી. એટલે મને ગુરુદેવ યોગીબાપા ને મહારાજે પ્રેરણા કરી કે, શું રાજાનો છોકરો મૂળો ખાવા માટે રડતો હોય ? અને તેને રાજા રડવા પણ દે ?

ગુણાતીતાનંદ સ્વામીજીએ વાત કરી છે કે, રાજાનો દીકરો મૂળો ખાવા રડે, પણ એને ખબર નથી કે મારો બાપ કોણ છે ? ચક્રવર્તી રાજાનો દીકરો જો એમ કહે કે, મૂળો જોઈએ છે તો ગાડાં ભરીને મૂળા આવી જાય. રાજાનો છોકરો જો રડે તો એનો બાપ સહન ના કરે. પૈસાદારનો દીકરો જે માગે તે તેને ફટાફટ મળે, બાપને એમ થાય કે મારા દીકરાને રડાવવો નથી, તેને જે જોઈએ તે આપવું છે. તો આ રાજુભાઈ જેવા સાધુઓ તો ભગવાનના સાચા દીકરા થયા. એમણે આખી જિંદગી ભગવાનને અર્થે સમર્પિત કરી છે, ભગવાનના માટે જ એમની જિંદગી છે તો એવા ભગવાનના દીકરાઓને ભગવાન રડવા દે ? મને થયું કે હવે મંદિર ચોક્કસ પૂરું થશે. ભગવાનનો સાધુ રડ્યો છે તો હવે પૈસાની તકલીફ જ નહીં પડે. નીચે જઈ કૉન્ટ્રાક્ટરને કહ્યું, 'જુઓ, તમને કૉન્ટ્રાક્ટ આપવો છે અને એટલો વિશ્વાસ તમને આપીએ છીએ કે, ટાઈમે પૈસા મળી જશે. કારણ કે, અમને અમારા ભગવાન ઉપર એટલી શ્રદ્ધા છે. અમારા ઍન્જિનિયરો સાથે તમે ટૅકનિકલી વાત કરીને કામ ચાલુ કરી દો.'

કિરણભાઈ ત્રિવેદી કૉન્ટ્રાક્ટર પણ સારા-આપણા દ્વિજેનભાઈના મિત્ર બહુ ખાનદાની માણસ હતા. તેમણે કામ ચાલુ કરી દીધું. ત્યાર પછી ખૂબ વરસાદ પડ્યો, ખાણોમાં ખૂબ પાણી ભરાઈ ગયું તેથી પથ્થર આવવામાં મોડું થયું, એટલે મંદિરનું કામકાજ થોડું ધીમું ચાલ્યું. એટલે કૉન્ટ્રાક્ટરે ૨૦૧૯ની દિવાળી પછી ઑક્ટોબર-નવેમ્બરમાં અમારી સાથે મીટિંગ કરીને કહ્યું, 'તમે આ પોષીપૂનમનો દિવસ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા માટે નક્કી કરો છો, પણ ત્રણ-ચાર મહિના વરસાદના લીધે મોડું થયું છે એટલે કામ પૂરું થાય પછી મૂર્તિઓની

પ્રાણપ્રતિષ્ઠા જૂન મહિના પછી રાખો.’ ત્યારે અમે અને અશ્વિનભાઈએ કહ્યું, ‘જુઓ કિરણભાઈ, ૧૦ જાન્યુઆરી ૨૦૨૦, પોષીપૂનમ-જે તારીખ નક્કી કરી છે એ મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ બદલાશે નહીં. તમે છાપરું કરી આપશો તો તેમાં પ્રતિષ્ઠા કરીશું અને પ્રતિષ્ઠા પછી મંદિરનું જે બાંધવાનું બાકી હોય એ બાંધવાનું કામ ચાલુ રાખજો, પણ પ્રતિષ્ઠાનો દિવસ બદલાશે નહીં.’ કિરણભાઈ સમજી ગયા ને પછી કશું બોલ્યા નહીં. પણ તેઓએ ખરેખર ખૂબ જ મહેનત કરી તેઓનો બધો ફૉર્સ મંદિરના કામમાં લગાડી મોટા ભાગનું મંદિરનું કામ પૂરું કરી આપ્યું. તો ૧૦ જાન્યુઆરી ૨૦૨૦માં આપણે પ્રભુકૃપાથી પ્રાણપ્રતિષ્ઠા કરી શક્યા. અને એ જ જાન્યુઆરીના અંતમાં કોરોનાની મહામારી ચાલુ થઈ અને બધું લોકડાઉન થઈ ગયું. જો આપણે ત્યારે પ્રતિષ્ઠા ના કરી હોત તો ત્રણ વરસ લંબાઈ જાત, તમે વિચાર કરો ! તો આ સંતો જે બોલે એને જે અનુસરે તે ભાગ્યશાળી થઈ જાય. તો કિરણભાઈએ પ્રતિષ્ઠા થાય એવું કરી આપ્યું તો લાભ ખાટી ગયા, કેટલા બધા ભાગ્યશાળી !

આવા સંતોની પ્રાર્થનાથી અને ભક્તોના ભાવભર્યા સહકારથી આ મંદિરની પ્રતિષ્ઠા ૧૦-૧-૨૦૨૦ના રોજ થઈ. શ્રી ઠાકોરજીના બેઠા પછી કોરોના મહામારી થઈ. કોરોના કાળમાં જેટલી કથા-વાર્તાઓ થઈ, જેટલાં ભજન-ભક્તિ થયાં એટલી આખી જિંદગીમાં કોઈએ નહીં કર્યાં હોય ! કોરોનાકાળમાં સુંદર સત્સંગ થયો અને ભક્તો મહિમાથી એટલા ભર્યા ભર્યા બની ગયા કે તમે જુઓ તો શ્રી ઠાકોરજીની કૃપાથી અત્યારે એકદમ લીલુંછમ છે ! આપણા બધા ઉપર ભગવાન બહુ રાજી છે. તો આ દિવ્ય પ્રભુ આપણને પ્રાપ્ત થયા, એવા સંતો પ્રાપ્ત થયા અને ભક્તો ભલે દેશ-પરદેશમાં રહે છે પણ સતત એમની દૃષ્ટિ અત્યારે અહીં છે. બધાની એક જ દૃષ્ટિ છે-ભગવાનને રાજી કરવા છે ! કોરોનાકાળથી આખો યુગ બદલાયો. ઘણું બધું ઉથલપાથલ થયું, પણ આધ્યાત્મિકતા તરફ બધાં બહુ વળી રહ્યાં છે. આપણે બધાં ભગવાનની કૃપાથી ભગવાન તરફ ચાલી રહ્યાં છીએ અને આપણી યાત્રા આનંદદાયક, સુખદાયક ને ખૂબ ભક્તિમય બની રહે એ માટે આવા સમૈયા-ઉત્સવમાં આપણે હાજરી આપીએ છીએ.


એક વાત કહું, ભગવાન કહે, ‘હું મળ્યો તો તમે નિશ્ચિંત રહો.’ તો કલ્યાણ તો થઈ ગયું, પણ છતી દેહે ભગવાનના ધામનું સુખ ભોગવવું છે એટલે આપણે એમને રાજી રાખવા છે. એમની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરીશું તો સુખિયાં સુખિયાં થઈને વિશેષ સુખિયાં થઈ જઈશું. પ્રભુની પ્રસન્નતા માટે અઠવાડિક સત્સંગસભા, કમાતા હોઈએ તે કમાણીના દસમા-વીસમા ભાગનો ધર્માદો, અડધો કલાક ધૂન-સમયનો ધર્માદો કરવો અને કોઈની ખટપટ, નિંદા, માથાકૂટ કોઈ પણ સંજોગોમાં કરવાની નહીં, નહીં ને નહીં. યોગીબાપા કહે, નો ઍન્ટ્રી ! એના રસ્તા જ બંધ-અમે આવું કરીશું જ નહીં. ભગવાનના ભક્તોની સેવા મળે તે પ્રભુના ભાવથી કરીશું તો ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થતાં હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી, કામ-ક્રોધાદિક દોષ રહિત આપણને બનાવશે. ને ગુણાતીતભાવને પમાડવાનો મહારાજનો જે સંકલ્પ છે એનો આ સમૈયો છે.

આજે પોષીપૂનમે શ્રી સ્વામિનારાયણ ભગવાને ગુણાતીતને દીક્ષા આપી. ગુણાતીતાનંદ સ્વામીજીનું નામ મૂળજી શર્મા હતું, પણ ડભાણમાં આજે દીક્ષિત કરીને નિર્ગુણાનંદ સ્વામી રૂપે આપણને ભેટ આપ્યા. તેઓની અવસ્થા ગુણાતીત હતી એટલે આખા સમાજમાં તેઓ ગુણાતીતાનંદ સ્વામી તરીકે પ્રચલિત થયા. એવા ગુણાતીતભાવને પામવાનો આપણા માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માર્ગ ગુણાતીતાનંદ સ્વામીએ એમના જીવન દ્વારા આપણને બતાવ્યો. અને એ માર્ગે ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદા પામી ગયા. શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના દ્વારા આપણા માટે એ માર્ગ સહેલો, આનંદદાયક અને સુખદાયક બનાવી દીધો. અને કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી અને આપણને અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, દિનકરભાઈ, ગુરુજી જેવા સંતોની ભેટ આપી છે; એમનાં સાંનિધ્યમાં રહીને આપણને ખરેખર સુખ સુખ ને સુખ જ છે. અમહિમા, ભાવફેર, માથાકૂટ, ખટપટ, દેખાદેખી, હુંસાતુંસી કરશો તો જ દુઃખ છે બાકી દુઃખ છે નહીં. તો આજે પ્રાર્થના કરીએ, ‘હે પ્રભુ ! અમારાં સૌનું એક જ ધ્યેય છે-આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે. ગુરુ અને પ્રભુને રાજી કરવા એ અમારાં જીવનનું ધ્યેય છે અને એ કરવા માટે આ જે મુદ્દાઓ કહ્યા એનું અનુસરણ કરીએ, પ્રભુપ્રસન્નતાનું પાત્ર બનીએ એવી પ્રાર્થના !’

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

*(પોષીપૂર્ણિમા મહાપર્વે બ્રહ્મજ્યોતિ, મોગરી મંદિરજીના છઠ્ઠા પાટોત્સવે આશીર્દાન)*

ભગવાનના ભક્તોની સેવા મળે તે
પ્રભુના ભાવથી કરીશું તો
ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થતાં
હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી,
કામ-ક્રોધાદિક દોષ રહિત આપણને બનાવશે.





**અક્ષરરૂપ થાય તો જ**
**પુરુષોત્તમની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય.**
**ગુણાતીતભાવને પામે તો જ**
**ચોવીસ કલાક ને બારેય મહિના**
**અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ મળે.**

આજનો મહામંગલકારી પર્વ ગુણાતીત દીક્ષાદિન ! અમે સૌ વ્રતધારી સંતોનો વ્રતધારણ દિન ! અને બ્રહ્મજ્યોતિ પરિસરના મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજનો છઠ્ઠો પાટોત્સવ ! વિશેષ આનંદ એનો છે કે, આજે શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જે આહ્‌લેક જગાડી અને એ કાર્યને પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, કાકાજી, પપ્પાજીએ વેગવંતું કરવા આપણને સૌને એમાં જોડ્યા; એ કાર્યમાં અત્યારે નવયુવાન સંતો જોડાઈ રહ્યા છે એ દર્શનનો આપણને અનેરો લહાવો મળ્યો એનો આનંદ છે !

તમે જુઓ, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ ને સદ્‌ગુરુ સંતો, એ કાકાજી, પપ્પાજી, સોનાબા, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજે આપેલી ભેટ છે ! એ લોકો સાથે જેઓ તૈયાર થયા એવા દિલીપભાઈ, વાસુભાઈની આખી પેઢી હોમાઈ ગઈ છે. આ રોડ અહીંયાં સરસ લાગે છે, ગમે એટલો વરસાદ પડે, પાણી જાય પણ ખરબચડો ના થાય, કારણ કે એનું ફાઉન્ડેશન ઘણા પથ્થરોથી કરેલું છે એટલે ઉપરના રસ્તાને કાંઈ ના થાય. એમ, અમારા અનુપમ મિશનના ફાઉન્ડેશનમાં અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, વી.એસ. અને અમારી સંતોની આખી ટીમ હોમાઈ ગઈ છે તેથી સૉલિડ ફાઉન્ડેશન છે. એક એક દીકરાઓને તમે જુઓ તો ખરેખર ટૅલેન્ટેડ દીકરાઓ છે. આ બધા દીકરાઓ શાંતિભાઈ, અશ્વિનભાઈના અસાધારણ હેત-પ્રેમમાં ઝબોળાયેલા હતા ને બધા સંતોનું ગાઈડન્સ મળ્યું, એમની સાથે સેવામાં તો હતા જ તો એમની સેવાના પ્રભાવથી છોકરાઓ હસતા રમતા સાધુ થઈ ગયા છે. નિર્મળ સ્વામીજીએ વાત કરી કે, નવા સાધુ બનાવવાનો યોગીબાપાને ખૂબ આનંદ; કારણ કે, ત્યારે નવો આદર હતો. એ યોગીબાપાના સંકલ્પથી, તેઓના આશીર્વાદથી-યોગીબાપાની ઇચ્છા હતી એનું આ પરિણામ છે. એમનો સંકલ્પ કામ કરે છે, એ સંકલ્પમાં આપણે આવી ગયા એ આપણા માટે બહુ મોટી વાત છે !

૧૯૬૬માં બોચાસણમાં જ્યારે વિમુખનો ઠરાવ પાસ થયો ત્યારે અમે છાત્રાલયમાં રહેતા હતા. યોગીબાપાએ જ કહ્યું કે, 'પ્રમુખ સ્વામીની આજ્ઞા હોય એમ કરજો.' પ્રમુખ સ્વામીજીએ કહ્યું કે, 'તમે દાદુભાઈ સાથે બધા જોડાયેલા છો, દાદુકાકાની આજ્ઞામાં રહેવાનું યોગીબાપાએ કહ્યું છે તો છાત્રાલય છોડી દાદુકાકા સાથે સત્સંગમાં રહો.' અમે છાત્રાલય છોડ્યું પછી ભાડાનાં મકાનોમાં રહેતા હતા. ૧૯૬૭માં 'શ્રીજી કૉલોની'માં રહેવા આવ્યા. પપ્પાજીની આજ્ઞાથી સાંજે 'પ્રભુકૃપા'માં અમે સભામાં જતા. પણ પહેલેથી અમે ગુરુવારની યુવકોની સભા કરતા હતા એટલે પપ્પાજીએ કહ્યું કે, 'તમે યુવકોની ગુરુવારની સભા ચાલુ રાખો.' એટલે 'શ્રીજી કૉલોની'માં અમે સાત-આઠ યુવકો ગુરુવારની સભા કરતા.

એક ગુરુવારે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. ને અમે બધા 'શ્રીજી કૉલોની'ની એક રૂમમાં સભા કરતા હતા. દાદુકાકા મુંબઈથી વલ્લભવિદ્યાનગર આવેલા. દાદુકાકાએ પપ્પાજીને પૂછ્યું કે, 'જશભાઈ ને યુવકો નથી આવ્યા આજે ?' ત્યારે પપ્પાજી કહે, 'આજે ગુરુવારની સભા છે એટલે તેઓ 'શ્રીજી કૉલોની'માં સભા કરતા હશે.' એટલે દાદુકાકા પપ્પાજીને કહે, 'ચાલો, આપણે ગુરુવારની સભામાં જઈએ, તમે પણ સાથે ચાલો.' કાકાજી સાથે સોનાબાએ ગુલાબનાં ફૂલ મોકલાવેલાં કે, 'આ ફૂલ લઈ જાવ ને છોકરાઓને આપજો.' કાકાજી અને પપ્પાજીએ અમારી સભામાં આવીને સરપ્રાઇઝ આપી. શાંતિભાઈએ તરત આસનો કરી દીધાં ત્યાં તેઓ બેઠા. પછી કાકાજી બોલ્યા, 'આજે ગુરુવારની સભા છે તે બરોબર છે, પણ આજે પોષીપૂનમ છે ! આજે મહારાજે ગુણાતીતને ડભાણમાં દીક્ષા આપેલી એ મંગલકારી દિવસ છે.' તે દિવસે ૧૯૬૭ની પોષીપૂનમ હતી.

૧૪ મે ૧૯૬૬ના દિવસે સવારે ૫:૦૦ વાગ્યે યોગીબાપાએ મને શાહીબાગ મંદિરે બોલાવીને કહ્યું કે, 'તમારે સંસારમાં જવાનું નથી. તમને સાધુ બનાવવા છે પણ ભગવાં કપડાંમાં નહીં, આ જ કપડે સાધુ રાખવા છે ને તમારું હૃદય ભગવું કરવું છે.' આપણને તો કલ્પનાય નહીં કે ખળભળાટ થશે ને વિમુખ પ્રકરણ થશે. બાપાએ કહ્યું એ અમે માન્યું ને અમે ઘર છોડ્યું, છાત્રાલય છોડ્યું, અને સંસ્થામાંથી પણ નીકળી ગયા. એટલે આખો વ્રતધારી સંતોનો જે ઢાંચો છે એનું પ્રોપર ગાઈડન્સ છે એ દાદુકાકાએ ત્યારે આપ્યું. દાદુકાકાએ કહ્યું કે, 'આમેય આપણે ભગવાં કપડાં નથી પહેરવાનાં, આ કપડે

સાધુ રહેવાનું છે, તો પછી આજે ગુણાતીતના દીક્ષાદિને ઑફિશિયલી વ્રત લઈએ કે, ભગવાનને સમર્પિત થવું છે ને ભગવાનના કાર્ય સિવાય બીજું કાંઈ કરવું નથી; એવું પ્રતિજ્ઞારૂપી વ્રત લઈએ.' અને ત્યારે પપ્પાજીએ વ્રત લખ્યું અને પછી અમે નવ-દસ જણ હતા એ બધાને પાણી આપીને વ્રત લેવડાવ્યું. એ વ્રત લીધાને આવતી પોષીપૂનમે સાઠ વર્ષ પૂરાં થશે. એના હીરકજયંતીના વર્ષમાં આ ૧૫ યુવાનોએ દીક્ષા લીધી એ બહુ મોટું કામ કર્યું છે.

બાપાનો સંકલ્પ હતો. છાત્રાલયના પાયા ખોદતી વખતે મારો હાથ પકડીને યોગીજી મહારાજ બોલેલા કે, 'આપણે તો શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે જે જીવન હોમ્યું છે એ શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો ગોકીરો થાય એવું ગુરુભક્તિ અર્થે જ જીવન જીવવું છે.' યોગીબાપાએ એ આદેશ આપ્યો હતો એટલે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો એ આપણું તો મિશન છે. અક્ષરરૂપ થાય તો જ પુરુષોત્તમની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય. ગુણાતીતભાવને પામે તો જ ચોવીસ કલાક ને બારેય મહિના અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ મળે. એવા અક્ષરરૂપ થવું કેવી રીતે ? તો અક્ષરરૂપ થયેલા સાધુમાં જોડાવાથી, બે હાથ જોડી એમની આજ્ઞા પાળવાથી અને કોઈની આઘીપાછી કર્યા વગર ભગવાનના ભક્તોની પ્રભુના ભાવથી સેવા કરવાથી પ્રભુ પ્રસન્ન થાય તો જ અક્ષરરૂપ થવાય. માટે અક્ષરરૂપ થયેલા સાધુમાં જોડાવું અનિવાર્ય છે. અને એ અનિવાર્યતાનું સિમ્બૉલિક દર્શન થાય એટલે શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરોની રચના કરી કે, અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે મંદિરો અનિવાર્ય છે, સનાતન છે.

આપણે માનવદેહ ધારણ કર્યો છે તે પાંચ-પચાસ વરસ પછી તો આપણે હોઈશું નહીં, પણ આ અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ, આ અક્ષરરૂપ મંદિરો સનાતન છે અને ઉપાસના સનાતન રહેવાની છે. એ ઉપાસનામાં આપણે જોડાવું છે. એ ઉપાસનામાં જોડાવા કામ એક જ કરવાનું હું સંતોને પણ કહું છું કે, આપણે ગમે તેવા છીએ પણ ભગવાને આપણો સ્વીકાર કર્યો છે. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. પૂનમભાઈ, હર્ષદભાઈ ને બધાને ભેગા કરીને યોગીજી મહારાજે સ્વભાવ, પ્રકૃતિ, દોષ જોયા વગર, પ્રવૃત્તિમાં જોડી, સાફસૂથરા કરી અને સરસ ગુણાતીતભાવને પામેલા સાધુ તરીકે આપણને ભેટ આપી ! જેઓએ તેમને આવા બનાવ્યા તેઓ જ આપણને પણ એવા બનાવશે એટલે નિશ્ચિંત રહેજો.

બીજાના દોષ નહીં જોવાના એમ પોતાના મુંઝાવે એવા દોષ સામુંય નહીં જોવાનું. જોવાનું મન થાય તો ભગવાન સામે જોજો, મોટા પુરુષ સામે જોજો. કંઈ પ્રવૃત્તિ કરવાનું મન થાય તો ભગવાન રાજી થાય તેવી પ્રવૃત્તિ કર્યા કરજો. અને કંઈ મૂંઝવણ થાય તો સ્વાધ્યાય કરજો, ધૂન કરજો, ભજન કરજો પણ મુંઝાવાનું નહીં. અખંડ ભગવાન મળ્યા પછી આપણને શી ચિંતા ? યોગીબાપા કહેતા કે, 'સાધુ થયા પછી આગળ-પાછળ કંઈ ઉલાળ-ધરાળ જ નહીં.' અને તમે યુવાન છો, શક્તિથી ઊભરાતા છો, શક્તિશાળી છો એનો ફુલફ્લેજ્ડ ઉપયોગ ગુરુની આજ્ઞા પાળવામાં કરજો. સદ્‌ગુરુ સંતોને વિશે અને આ સંતો જે હોમાયા છે એ સંતોનો રિસ્પૅક્ટ રાખજો. કદાચ કોઈ તમને વઢી જાય તો સામે કંઈ કહેવાનું નહીં, પણ, માન-ટળે ભાવે તમારે કહેવું, 'હા બાપા, તમારી દૃષ્ટિ છે તો સારું થઈ જવાનું છે.' પણ, મોટેરા સંતો પ્રત્યે કે ભક્તો પ્રત્યે દાસભાવ રાખજો. નમતા રહીશું, ખમતા રહીશું તો પ્રભુને ગમતા રહીશું તો બધી અંદરની સફાઈ કરનારા તો ભગવાન છે. હું ને તમે કરવા જઈશું તો કશું થશે નહીં. આપણને તો ખબર જ નથી પડતી કે, આપણામાં શું ખરાબી છે ? પણ ભગવાનને ખબર છે, તો ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થશે તો જ હઠ, માન, ઈર્ષ્યાના ભાવથી ઉપર ઊઠી, કામ-ક્રોધાદિક દોષ રહિત થઈશું.

તો આપણા જીવનનો ગોલ એક જ હોવો જોઈએ-મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મારા ગુરુ એ બેની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ આપણા જીવનનું ધ્યેય છે ! એટલે એમની આજ્ઞામાં, ભક્તોમાં નિર્દોષભાવ, ધૂન-ભજન-પ્રાર્થનાનું બળ લઈ મંડ્યા કરીશું તો ભગવા હૃદયની સાધુતા પ્રાપ્ત થશે અને ઉપર-નીચેથી ખંખેરશે તો પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સિવાય કશું ના નીકળે એવા આસક્તિ રહિત બનાવી દેશે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

***(વ્રતધારી સંતોની અનુપમ વ્રતધારણ સભામાં આશીર્દાન)***

જોવાનું મન થાય તો ભગવાન સામે જોજો, મોટા પુરુષ સામે જોજો. કંઈ પ્રવૃત્તિ કરવાનું મન થાય તો ભગવાન રાજી થાય તેવી પ્રવૃત્તિ કર્યા કરજો. અને કંઈ મૂંઝવણ થાય તો સ્વાધ્યાય કરજો, ધૂન કરજો. ભજન કરજો







સ્વામિશ્રીજી

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા












હે ગુરુદેવ સાહેબ !
આપનું પ્રત્યેક દર્શન પ્રભુદર્શન
આપનો વ્યવહાર પ્રભુસમ... પ્રભુ દેવાનો... આત્મિક
આપનાં હલનચલન કેવળ પરાભક્તિ
આપની વાણી... માહાત્મ્યસરવાણી
જીવનની પ્રતિક્ષણ પ્રભુપ્રસન્નતા માટે.
હરપળે આપને જોતાં પ્રભુને જોઈ લીધા
આપ તો અમ હૃદયે ધબકાર
અમ આતમે આપનો અધિકાર
આપને શ્રીજી સાથે પરમ ઐક્ય
સ્વામીનું તો આપ રૂપ
યોગીબાપાનો વૈભવ વારસો... સાધુતા
પ્રેમ નીતરે... સેવકભાવે સિદ્ધ
સુહૃદભાવનો પરમભાવ
સંબંધ જોઈને જ કેવળ વર્તન.
શ્રીજી પધાર્યા આ ભૂતલે
સ્વામી દ્વારા દ્વાર ખોલ્યાં આત્મકલ્યાણનાં
આપ દ્વારા તે ખુલ્લાં આજે પણ
અમ સૌએ એ અનુભવ્યાં.
આપની દૃષ્ટિએ અમને પાવન કર્યાં
આપની કૃપાએ અમ સ્વભાવ ઓગળ્યા
આપનો અનુગ્રહ અમ સૌ પર... તો
અમારાં દિવ્ય પ્રતિ પ્રયાણ
આતમશુદ્ધિ સહજ સુલભ
બુદ્ધિમાં તવ પરમ પ્રકાશ
ચિત્તમાં તવ ચિંતવન અહોનિશ
મન ભમે તવ મૂર્તિએ ઓતપ્રોત
ભક્તોની સેવાના અનુસંધાને અહં ઓગળી ગયું
આપનો સંબંધ જોઈ વર્તન થઈ રહ્યું
આસક્તિ હવે તમારી... જગતે અનાસક્તિ



આપ અમારા જીવનપ્રાણ છો
અમારા સ્વામી છો... આત્મા છો
અમારે મન આપ શ્રીજીનું સ્વરૂપ છો
છતાં આપ માનો છો... હું શ્રીજીનો દાસ... સ્વામીનો સેવક.
ભગતજી, જાગા સ્વામી ને શાસ્ત્રીજી મહારાજ
તે આપનાં ઉપાસ્ય સ્વરૂપ
યોગીબાપામાં આપ એકરૂપ
તેઓની અનુવૃત્તિમાં આપનો મુકામ
અને તેથીસ્તો
કાકાજી-પપ્પાજીમાં દિવ્યતાનાં આપે દર્શન કર્યાં
સોનાબાની સ્નેહ સરવાણી પામ્યા
પ્રમુખસ્વામીજી-મહંતસ્વામીજીનાં ગૌરવ કર્યાં
હરિપ્રસાદ સ્વામીજી-અક્ષરવિહારીજી ને ભાઈને વંદન કર્યાં
નિર્મળસ્વામીજી-મુકુંદજીવન સ્વામીજી ને સંતો
બહેનો ને ગૃહસ્થ મુક્તો સૌના સુહૃદ બન્યા.
વ્રતધારી ભાઈઓને સ્વીકાર્યા
બ્રહ્મવિદ્યા જે ગુણાતીતને ભણાવેલી
તે પાઠ પાકા કરાવ્યા ને સાધુ ઘડ્યા
છતાં સેવકના સેવક બની રહ્યા
આજે...
આપને મન સૌનાં માહાત્મ્ય ઊછળે છે
તે આપની વાણીમાં ઊભરે છે
આપને કોઈનો અભાવ નથી
કોઈના દોષ તો દેખાય જ ક્યાંથી
આપ નિર્દોષતા-નિર્માનિત્વનું સ્વરૂપ છો
આપ અમારા યોગીસ્વરૂપ છો...
**હે દયાળુ સાહેબ !**
અમારે આપને પ્રતિપળ ધારીને આપના થઈને જીવવું છે
હરક્ષણ... પ્રતિપળ આપને પ્રસન્ન કરવા જીવવું છે
અમારી આ અભીપ્સા... આપના પ્રાગટ્ય મંગલે
પૂર્ણ કરો... પ્રભુ ! ◆

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ-૨૯-૧.૦૩



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

**'સ્વામિનારાયણ પ્રકાશ' સપ્ટેમ્બર ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત પરમ પૂજ્ય મહંત સ્વામીજીના પ્રવચન પરથી સંકલિત 'માનસિક તાણ' લેખનો સ્વાધ્યાય. (ઉત્તરાર્ધ) ૧૫ નવેમ્બર ૨૦૨૫, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**'સ્વામિનારાયણ** પ્રકાશ'-બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની દર મહિને પ્રસિદ્ધ થતી આ પત્રિકાનો પણ એક ભવ્ય, દિવ્ય, જ્વલંત અને તેજસ્વી ઇતિહાસ છે. વ્યક્તિગત રીતે મારા બાળપણની સાથે પણ આ પત્રિકાની વાતો એ રીતે જોડાયેલી કે, મારા બાપુજી પરમ પૂજ્ય મહંત સ્વામીજી મહારાજની સાથે એમની આજ્ઞાથી દાદર મંદિરમાં આ મૂળ પત્રિકાની સેવામાં જતા; અને, તેઓ જઈને આવે પછી એની વાતો કરતા કે, આવી રીતે પત્રિકા આવી ને આવી વાત થઈ ને આવી રીતે અમે વાળીએ ને આવી રીતે મોકલીએ. અમે ત્યારે બાલમંડળમાં હતા. મારા બાપુજી, બાબુભાઈ દરબાર અને બાબુભાઈ સોની-એ ત્રણની ત્રિપુટી હતી, એની સ્મૃતિ આજે પણ છે. ત્યારે એ વાતની કલ્પના નહીં કે આવી પત્રિકાની સેવા અનુપમ મિશનમાં પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન પ્રમાણે મને પણ મળશે.

હજુ પણ યાદ છે કે, પ્રસાદીના 'અનુપમ' બંગલામાં ફોનની પાસે એક ડાઈનિંગ ટેબલ પર શરૂઆતના દિવસોમાં હાથથી આપણી 'અનુપમ' પત્રિકા લખતા હતા. પછી પૂ. વિઠ્ઠલદાસની પ્રેસમાં છપાઈને પત્રિકા આવતી. અને જેમના અક્ષર સારા હોય એમને સરનામું લખવા બેસાડે. કેટલાં બધાં એડ્રેસ સાહેબદાદાએ પણ સ્વયં એ ટેબલ પર બેસીને લખ્યાં છે ! અને પછી એને વાળવાની પણ એક વ્યવસ્થિત સ્ટાઈલ હતી. પૂ. શાંતિદાદાનું એ કામમાં બહુ પરફેક્શન. એ જમાનામાં આપણો બહુ મોટો સમાજ નહીં, લગભગ ૭૦૦-૮૦૦ ભક્તોનાં સરનામાં હાથે લખવાનાં. આપણા અક્ષર પ્રમાણમાં સારા એટલે એ સેવા માટે આપણો નંબર લાગી ગયો ! ૨૦૦-૨૫૦ સરનામાં લખીએ એટલે આંગળી થાકી જાય. પછી અક્ષરના થોડા મરોડ ઓછા થાય. શાંતિદાદા બાજુમાં બેઠા હોય એટલે પછી સમજાવે કે, 'તમને ખબર છે ? આ પત્રિકા જ્યારે પેલા ટપાલીસાહેબ હાથમાં લે અને અક્ષર વાંચે તો બે વસ્તુ થવી જોઈએ, એક તો એમને અક્ષરો વાંચી સરનામું શોધવામાં તકલીફ ના પડવી જોઈએ એટલા સરસ અક્ષર હોય. અને, એનાથી પણ વધારે અગત્યનું આ હાથે લખેલું સરનામું ટપાલીસાહેબ વાંચે તો એમને એવું થવું જોઈએ કે, આ કોની પત્રિકા છે ? કે આટલા સારા અક્ષરે સરનામું લખ્યું છે !' અને એ રીતે અનુપમ મિશનના, પૂ. સાહેબદાદાના મહિમાની ઝાંખી થાય ! એટલે આ બધી સ્મૃતિઓ પત્રિકાની સાથેની છે.

બુધવાર, ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ આપણને સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંત સ્વામીજીના પ્રવચન પરથી તૈયાર થયેલા લેખ 'માનસિક તાણ' વિશે પોતાની પરાવાણીનો લાભ આપ્યો. અને પ.પૂ. મહંત સ્વામીજીએ જે પ્રસંગ કહ્યા છે એની પુષ્ટિ કરતા પોતાના જીવનના અનેક પ્રસંગો પણ યાદ કરીને આપણને કહ્યા ને યોગીબાપાની દિવ્ય સ્મૃતિઓ કરાવી. સાહેબદાદા યોગીજી મહારાજની વાત કરતા હંમેશાં આ વાત કરે છે કે, કેવા દિવ્ય સત્પુરુષ આવી ગયા ! આપણી સામાન્ય લૌકિક દૃષ્ટિથી ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ એમનું એવડું મોટું વિશાળ સ્વરૂપ તો આપણા સમજ્યામાં ભાગ્યે જ આવે ! આવો જ ભાવ હંમેશાં થાય. આવી દિવ્ય વિભૂતિ ૨૦મી સદીમાં આ પૃથ્વી પર, આ દેશમાં પ્રગટ થઈ; જેમના સ્વરૂપનો મહિમા સમજતાં દશકાઓ વીતશે, કદાચ ઓછાંમાં ઓછાં ૨૦૦ વર્ષ લાગશે-ત્યારે

યોગીબાપાનું આ પૃથ્વી ઉપર જે દિવ્ય કાર્ય અને એમના મહિમાની ઝાંખી આપણે પામી શકીશું.

લૌકિક દૃષ્ટિએ પણ આપણે વિચાર કરીએ તો આજકાલ લીડરશિપ અને મૅનેજમેન્ટના અભ્યાસક્રમો દુનિયામાં મોટાં મોટાં વિશ્વ-વિદ્યાલયોમાં અને સંસ્થાનોમાં લાખો રૂપિયા લઈને કરાવવામાં આવે છે. લીડર કેવી રીતે થવું ? મૅનેજમેન્ટ કે ઍડમિનિસ્ટ્રેશન કેવી રીતે કરવું ? તો ફક્ત યોગીજી મહારાજની લીડરશિપની અને ઍડમિનિસ્ટ્રેશનની વાત કરીએ અને આ એક જ ગુણ યોગીબાપાનો લઈએ તો પણ આજે મોટાં મોટાં વિશ્વવિદ્યાલયો જે નથી સમજાવી, ભણાવી શકતાં એ યોગીજી મહારાજ આમ હસતા-રમતા સમજાવતા. સાહેબદાદા કહે છે એ પ્રમાણે, તેઓ હરતીફરતી યુનિવર્સિટી હતા ! માત્ર લૌકિક ગુણો વિશે પણ વિચાર કરીએ તો પણ યોગીજી મહારાજના ગુણોનો તો પાર આવે એવો નથી, તો એમના આધ્યાત્મિક યુગકાર્યની ક્યાં વાત જ રહી ! એટલે એવું ભવ્ય, દિવ્ય સ્વરૂપ ! એમાં મહંત સ્વામી મહારાજે પોતાની પરાવાણીમાં યોગીજી મહારાજની સ્મૃતિ કરાવીને આજના સમયનો જે સૌથી ભયંકર એવો માનસિક રોગ કે જેને 'તાણ'-Stress, Tension, Depression કહીએ છીએ-તે વિશે યોગીજી મહારાજના જીવન, એમના વ્યક્તિત્વ-એનો આધાર લઈને અદ્‌ભુત પ્રવચન કર્યું છે !

'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં દસ ઇન્દ્રિયોને આ શરીરરૂપી રથના દસ ઘોડા ગણાવ્યા, બુદ્ધિને રથના સારથિ ગણાવ્યા અને આત્માને રથના માલિક-રથી ગણાવ્યા. પણ આ જે ઘોડા છે એ બુદ્ધિરૂપી સારથિના હાથમાં ત્યારે જ નિયંત્રણમાં રહે જો એ ઘોડા ઉપરની લગામ બરાબર હોય. અને શ્રીકૃષ્ણ પરમાત્માએ એ લગામને મનની સાથે સરખાવી. શરીરરૂપી રથ, એના પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિયરૂપી દસ ઘોડાઓ, એ ઘોડાઓ ઉપરની લગામ એ મન-જે બુદ્ધિરૂપી સારથિના હાથમાં. અને, આત્મા એનો રથિ-એનો માલિક. તો, રથિ બુદ્ધિને કહે એ પ્રમાણે મનરૂપી લગામ ખેંચીને દસ ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખીને સ્વયં ભગવાનના સ્વરૂપમાં જોડવાની આખી વાત કહી છે. તો, એમાં પણ લગામ-મન એ આપણા માટે અદ્‌ભુત શક્તિ થઈ શકે એમ છે. એ કેવી રીતે થાય એની જ આખી વાત યોગીજી મહારાજે પોતાના જીવન દ્વારા જે કરી એને મહંત સ્વામીજી મહારાજે આમાં વર્ણવી છે. તેઓ લખે છે :

*યોગીજી મહારાજ તો ધોમધખતા તાપમાં પણ નિર્જળ ઉપવાસ ખૂબ જ પ્રેમથી, શ્રદ્ધાપૂર્વક કરતા. ૧૦૦ માણસની રસોઈ બનાવતા. સૌનાં એઠાં વાસણ ઊટકી નાંખતા. ઠાકોરજીની સેવામાં પોતાના દેહનું બધું ભૂલી જતા. એમને ઠંડી-ગરમી મૂંઝવણ કરાવી શકે નહીં.*

અશ્વિનદાદાએ આપણને આ પ્રસંગ વખતે પોતાના જીવનના બનાસકાંઠા-સાબરકાંઠાના વિચરણની વાત કરી હતી. મૂંઝવણનું કારણ વાતાવરણ નહીં, આપણું મન છે.

એક સાહેબદાદાનો પ્રસંગ આપને જણાવું. થોડાં વર્ષો પહેલાં - ૨૦૧૨માં સાહેબદાદાએ પગની તકલીફની બીમારી ગ્રહણ કરી હતી. ચાલી ના શકાય એટલી બધી પીડા સાહેબદાદાને પગમાં થતી હતી. બે જણનો ટેકો લઈને માંડ માંડ ધીમા ધીમા ચાલે એ જોઈને આપણને કમકમાટી થઈ જાય. એ વખતે સાહેબદાદા ઈંગ્લૅન્ડમાં બિરાજમાન હતા. ત્યાં સાહેબદાદાને મેં હાથ જોડીને એવું કહ્યું કે, 'સાહેબદાદા ! આપનામાં તો સાક્ષાત્ ભગવાનનું તત્ત્વ પ્રગટ છે, તો શ્રી ઠાકોરજીને કહોને કે, આ બધું શાંત કરી દે.' તો સાહેબદાદા કહે, 'એવું ના કહેવાય. એવી પ્રાર્થના ના કરાય. એ તો એમણે મૂકેલો મુસલ એ ઉપાડે ત્યારે ખરું.' તો જે યોગીબાપા વિશેના પ્રસંગ છે, એવા ને એવા આપણા ગુરુહરિ સાહેબદાદાના પણ અનેક પ્રસંગો છે. આ બધા જે પ્રસંગો યોગીબાપાના આપણે સાંભળી રહ્યા છીએ તેવા એક એક પ્રસંગોની આવી જ વાત સાહેબદાદાની અશ્વિનદાદા, રતિકાકા પાસેથી સાંભળીએ તો આબેહૂબ જે વર્ણન અહીં આગળ યોગીબાપાના જીવનનું છે એવું આપણને સાહેબદાદાના જીવનમાં પણ મળે. લેખ આગળ વાંચીએ :

*એક ભ્રમ છે કે સારવાર, દારૂ-દવા જેટલી મોંઘી એટલી વધારે સારી. પરંતુ સૌથી સોંઘી એટલું નહીં, સાવ મફત અને સૌથી શ્રેષ્ઠ મળતી સારવાર સત્સંગ છે. જે અસલી ઉપાય છે તે મફત છે એટલે એમાં પ્રતીતિ થતી નથી. દેશ-વિદેશમાં સંતો-મહંતો સુંદર સમજણ આપતા રહે છે. તેને ઉપાય કે સારવાર ન માનતાં લોકો બાહ્યોપચારોમાં પડ્યા છે, બહારની સારવારમાં પડ્યા છે અને બહારની સારવાર જેમ જેમ વધુ કરે છે તેમ તેમ વધારે નિરાશા થાય છે. એમ વિષ-ચક્ર ચાલ્યા જ કરે છે. અંતે, નિષ્ક્રિય થાય અથવા આપઘાત કરે, ત્યારે જ છુટકારો થાય છે.*

*માનસિક તાણ સરળ રીતે સમજાવી શકાય છે. તમે ડાબા હાથની મુઠ્ઠી વાળો, હવે જોરથી મુઠ્ઠી દબાવીને બીડેલી રાખો. કેટલા સમય સુધી મુઠ્ઠી બીડેલી રાખી શકો? આ દરમ્યાન મુખ, માથા, ગળા વગેરે કેટલાય સ્નાયુ પણ ભેગા તણાય છે. વ્યક્તિ હસે ત્યારે મુખના ૧૩ સ્નાયુ તણાય છે, અને ગુસ્સે થાય ત્યારે ૬૩!*

સાહેબદાદા તો આનંદની મૂર્તિ છે. અખંડ આનંદ, અખંડ સહજાનંદ! અને જે ખડખડાટ હસે સાહેબદાદા-એમના હાસ્યને જોઈને જ કંઈક કેટલાય એવા જે પૂર્વના જ અક્ષરમુક્તો હશે એમને

સાહેબદાદામાં સહજ હેત થઈ ગયું. એવી દિવ્ય મૂર્તિ સાહેબદાદાની ! લેખમાં આગળ લખ્યું છે :

*હસતી વખતે જે ૧૩ સ્નાયુઓ તણાય છે એને માલિશ (massage) કર્યા જેવો લાભ થાય છે અને ગુસ્સે થતી વખતે ટેન્શનને કારણે જે ૬૩ સ્નાયુ તણાય છે તેને તો મચકોડ જેવું નુકસાન થાય છે. જેમ શરીર મુઠ્ઠી વાળવાથી તણાયેલું રહે છે, એમ જ તણાવ વખતે મન આ પરિસ્થિતિ ભોગવે છે.*

*હવે એક બીજો પ્રયોગ જુઓ. તમે ડાબા હાથે મુઠ્ઠી વાળો અને જોરથી બીડેલી રાખો. હવે જમણો હાથ જે ખુલ્લો છે તેના વડે આઈસક્રીમ ખાઓ. આઈસક્રીમનું કેટલું અને કેવું સુખ આવે ? જો એક હથેળીને તાણમાં રાખવાથી સુખ ન આવતું હોય તો મનને તાણમાં રાખવાથી કેવી રીતે આવી શકે ?*

ડાબા હાથની મુઠ્ઠી બરોબર જકડીને રાખો. જેટલું જોર લગાવાય એટલું અને આ જમણા હાથે આઈસક્રીમ ખાઈ જુઓ. આપણે હમણાં માનસીમાં પણ આ પ્રયોગ કરીએ. ખાલી એક સામાન્ય હાથની મુઠ્ઠી વાળી રાખીએ અને એપણ ખબર છે કે પ્રયોગ માટે વાળી રાખી છે તોપણ આ શરીરની આ એક નાની હથેળી પણ કેવી તાણમાં રહે છે.

ઘણાં વર્ષો પૂર્વે સાહેબદાદાએ દૈવી અને આસુરી શક્તિનું એક સરસ ઉદાહરણ આપ્યું હતું કે, આ જે મનની તાણ તે આસુરી શક્તિ બરાબર છે અને મનની પ્રસન્નતા એ દૈવી શક્તિ બરાબર છે. એક વખત ભગવાને બધા દેવતાઓને અને દાનવોને મોટા જમણવારમાં બોલાવ્યા. પણ ભગવાન વિષ્ણુએ શરત એવી રાખી કે, તમારા બંને હાથ કોણી વળે નહીં તેવી રીતે લાકડી રાખી હાથ સીધા બાંધેલા રાખવાના ને પછી જમવાનું. પહેલા અસુરોને જમાડ્યા. પણ અસુરો જમી જ ના શક્યા. કારણ, કોણી વાળ્યા વિના કોળિયો મોંમાં શી રીતે મૂકવો ? બૂમાબૂમ ને ઝઘડીને જતા રહ્યા. પછી દેવોને જમવા માટે બેસાડ્યા. દેવો સામસામી બેઠા અને હાથ વાળ્યા વિના સીધાસટ રાખીને દેવોએ એકબીજાને જમાડ્યા. પોતાના હાથે સામેવાળાને જમાડે અને સામેવાળો આમને જમાડે. એ રીતે બધાએ પ્રેમથી સરસ જમી લીધું. પણ અસુરો જમી શક્યા નહીં. કેટલું પ્રૅક્ટિકલ ઉદાહરણ છે ! જો મનની આવી પ્રસન્નતા હોય તો જે સામે બેઠા છે એ દેવતાનો મહિમા સમજીને, 'લો ! આપ જમો મહારાજ!' અને સામેવાળાએ પણ આમનો મહિમા સમજીને જમાડ્યા, તો પરસ્પર મનમાં દૈવીશક્તિ પ્રગટ થઈ અને એકબીજાનો મહિમા સમજ્યા. લેખ આગળ વાંચીએ :

*રમતાં રમતાં બાળકો એક બાળક બીજા બાળકનો હાથ સારી પેઠે મરોડીને બરડા પાસે લઈ જાય છે. બાળકને ત્રાસ ત્રાસ થાય છે. હવે બાળકના મોઢામાં કોઈ ચોકલેટ કે મનગમતી વાનગી મૂકે તો બાળકને તેનું કેટલું સુખ આવે ?*

હાથ મરડીને પાછળ લઈ ગયો હોય પછી ગમે તેટલી ભાવતી ચોકલેટ કે વાનગી ખવડાવીએ તો એને કેટલું સુખ આવે ? બાળકની ક્યાં વાત રહી ? એ તો આપણને કોઈને પણ સુખ ના આવે. હવે આગળ લેખમાં લખ્યું છે :

*એમ માણસ માનસિક તાણમાં હોય તે વખતે સિનેમા, ટી.વી., વ્યસન, કુસંગ, ખાન-પાન, માન-પાન વગેરે બાહ્યોપચાર કેટલું સુખ આપે ? મરોડાયેલો હાથ છોડી દે, જોરથી બીડેલી મુઠ્ઠી યથાવત્ કરવામાં આવે તો બીજા કોઈ ઉપચારની જરૂર જ નથી. પ્રકૃતિના કારણે મન વિકૃત થયું છે. હવે સંસ્કૃતિની સારવારથી જ છુટકારો થશે. સંસ્કૃતિ એટલે સત્સંગ, સવળી સમજણ.*

સવળી સમજણ એટલે Think positive. ઑસ્ટ્રેલિયામાં એક બહુ મોટા સાયકૉલોજિસ્ટ પ્રૉફેસરસાહેબને મળવાનું થયું હતું. એ પહેલી વખત જ મળ્યા હતા. એમણે આપણા વિશે પૂછ્યું એટલે તેઓને સાહેબદાદાના મહિમાની વાત કરી. પછી, વાતોવાતોમાં મેં એમને કહ્યું કે, દુનિયાની મોટામાં મોટી કોઈ ફિલોસોફી હોય અને મોટામાં મોટો કોઈ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત હોય, જેને ઓછામાં ઓછા, નાનામાં નાના વાક્યમાં કહેવાયો હોય તો એ અમારા સાહેબદાદાએ કહ્યો છે : સવળી વિચારસરણી-'Think positive.' આપ જરા વિચાર કરો. દુનિયાની મોટામાં મોટી બધી જ ફિલોસોફીના અભ્યાસ કર્યા પછી જે સાર નીકળે એ તો એવો જ હોય જે, આપણને આપણાં જીવનમાં સુખ પ્રાપ્ત કરાવે. તો, દુનિયાભરની તમામ ફિલોસોફીનો જે સાર એ આ બે શબ્દનું એક વાક્ય છે : 'Think positive.' અને મોટામાં મોટો મનોવિજ્ઞાનનો સિદ્ધાંત કોઈ હોય તો એ છે : Think positive.

આગળ વધીને મેં એમ કહ્યું કે, આ Think positive તો માત્ર બે શબ્દો છે, પણ સાહેબદાદા એમ કહે છે કે, પહેલું તો 'Think !' જીવનની પળેપળે Do we actually think ? or do we always react ? ગુરુહરિ સાહેબદાદા કહે છે કે, માણસ કંઈ પણ બોલતાં કે વર્તન કરતાં પહેલાં વિચાર કરે. Positive Thinkingની વાત તો પછી આવે. અને જો વિચાર કરવો જ હોય તો કંઈ પણ બોલતાં કે વ્યવહાર કરતાં પહેલાં સહેજ સ્થિર થવું પડે, એક pause લેવો જ પડે. પણ

React કરવું હોય તો pauseની જરૂર નથી. આમ તો આપણે કહીએ છીએ કે, Man is a thinking animal; but, we seldom think, we always react. આપણે હંમેશાં reaction આપીએ છીએ, response નથી આપતા. If you want to *respond* and *not* react, you have to think! અને જેવો pause લીધો, તો ગુરુહરિ સાહેબદાદા કહે છે કે, think positive-સવળું વિચારો. આમનામાં બોલનારા કોણ ? પ્રેરક-પ્રવર્તક, કર્તા-હર્તા કોણ ? દુનિયાનો મોટામાં મોટો સાયકૉલોજિકલ પ્રિન્સિપલ, મોટામાં મોટી ફિલોસોફી આ બે શબ્દોમાં - Think Positive ! એ જ વાત મહંત સ્વામીજી મહારાજ લેખમાં આગળ કહે છે :

*સંસ્કૃતિ એટલે સત્સંગ, સવળી સમજણ. નેગેટિવ વિચાર, નેગેટિવ આચાર, નેગેટિવ આહારવિહારથી મન બગડ્યું છે. વિચારોથી મનના પ્રશ્નો થયા છે, તો હવે વિચાર સુધારવાથી જ મન સુધરશે.*

*પ્રશ્નો મનના, મનમાં છે. ઉત્તર, ઉકેલ પણ મનમાં જ છે.*

*બાળક બીજા બાળકનો હાથ મરોડીને તે હાથને પાછળ લઈ ગયો છે એટલે સ્નાયુ (hand muscles) તો ખૂબ તણાય. આ સ્થિતિમાં બાળકને હાથમાં જ્યાં દુ:ખે છે ત્યાં મલમ-પટ્ટી કરો. પેઈન કિલર (pain-killer) મલમ લગાડો, પેઈન કિલર ગોળીઓ ખવડાવો તો થોડી રાહત થાય, પરંતુ બે-ચાર કલાક પછી તેની અસર પૂરી થાય એટલે ફરીથી બધું કરવાનું. ફરીથી મલમપટ્ટી કરવાની કે ગોળીઓ ખવડાવવાની. પરંતુ હાથ છોડી દે તો પૂર્વવત્ સ્થિતિ થઈ જાય. ખેલ ખતમ ! મલમ ગોળીની અસર થોડા સમય માટે. પરંતુ મરડેલો હાથ છોડી દો, તો હંમેશ માટે રાહત !*

*દુનિયામાં અસલ આવું જ થઈ રહ્યું છે. મન તંગ છે, તણાવ ચાલુ ને ચાલુ છે, અને તે જ સ્થિતિમાં મલમપટ્ટી કરીએ છીએ. પણ મન તંગ છે તે છોડોને! મન શાનાથી તંગ છે? અવળા વિચારો, ઘૃણા, પૂર્વગ્રહ, હતાશા-નિરાશા, બાંધછોડનો અભાવ, 'મારો એકડો સાચો' જેવી દૃષ્ટિ, અમુક માન્યતા, શંકા, અવિશ્વાસ વગેરેથી મન પ્રેશર, ટેન્શન, ખેંચતાણ, દબાણ ભોગવે છે. ત્યારે મનને પૂર્વવત્ સ્થિતિમાં લાવવાને બદલે લોકો અવળે રસ્તે ચઢે છે. દારૂ, સિગારેટ, તમાકુ, ગુટખા વગેરે વ્યસનો, સિનેમા, નાટક, કુસંગ, પર્યટન, ખાન-પાન-તાન-માન-ગપ્પાં-સપ્પા-ટેલ-ટપ્પા, એવા બાહ્ય ઉપચારથી વધુ કથળે છે.*

*આ બધાની અસર ટૂંકા સમય માટે છે. વળી, તેનાથી ઘણી આડ અસર થાશે. પરંતુ મનને પૂર્વવત્ બનાવો, એ ઉકેલ હંમેશ માટે છે! અને તે પણ કોઈ જ આડઅસર વિના! પણ મનને સારુ કરવું કેવી રીતે? અહીં આધ્યાત્મિકતાની જરૂર છે. જે ઉપાય મનને ઘડે, મનને દઢ બનાવે, ગંદવાડ કાઢી મનને પવિત્ર અને સ્વચ્છ કરે, મન સુંદર બનાવે એ બધું જ અધ્યાત્મ છે.*

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... આ વર્ષ માટે અને ખરેખર તો જીવન માટે સાહેબદાદાએ આપણને જે આજ્ઞા આપી છે, ગુણાતીતાનંદ સ્વામીની વાત, ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ.' આજ્ઞા આપી ત્યારથી આપણાંમાંથી જેમણે જેમણે આ પ્રયોગ કર્યો, એમણે સૌએ એનાં પરિણામો જોયાં છે. ક્યારેક ભૂલી જઈએ છીએ પણ જેવું યાદ કરીને-અત્યારે પણ બેઠાં બેઠાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીએ તો પણ મન શાંત થઈ જાય છે ! એટલે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... અદ્‌ભુત ઉપાય છે, સરળમાં સરળ ઉપાય છે અને થઈ શકે એવો ઉપાય છે ! કોઈને થાય કે આવું કેવી રીતે થાય ? અમારે તો ગાડી ચલાવવાની હોય, રસોઈ કરવાની હોય, કમ્પ્યુટર ચલાવવાનું હોય, નામું લખવાનું હોય; પણ કોઈ પણ ક્રિયા કરતી વખતે આ ઉપાય મનને દઢ બનાવશે, સ્થિર કરશે.

એવું નહીં કહી શકાય કે, અત્યારે હું આ વાંચું છું, તો આ વાંચવા સિવાય મનમાં કોઈ બીજો વિચાર આવતો જ નથી-એવું નથી. હું બહુ જ સરળતાથી વાંચી જઉં છું, પણ સાથે અનેક પ્રકારના વિચારો મનમાં ચાલે છે. એમ, આપણે સ્કૂટર કે ગાડી ચલાવતી વખતે એક સાથે કેટલું બધું કરતા હોઈએ છીએ ! ગિયર બદલવાનો, ક્લચ દબાવવાનો, બ્રૅક મારવાની, સ્ટિયરિંગ સંભાળવાનું, હૉર્ન વગાડવાનો, બાજુમાં કે પાછળ કોઈ બેઠું હોય અને વાતો થાય તો એમને જવાબ આપવાનો, ભજન કે ગીત વાગતું હોય તો એને સાંભળવાનું, આગળ-પાછળ ગાય, ભેંસ, કૂતરાં, બિલાડાં, હાથી, ઊંટ આવે એને પણ ધ્યાનમાં રાખવાનું, રૅડ સિગ્નલ આવે તો અટકવાનું. ક્યારેક રૅડ સિગ્નલ જમ્પ કર્યું હોય ને પૈસા ભર્યા હોય એને પણ યાદ કરીએ. મનમાં એક સાથે કેટલું બધું ચાલતું હોય છે ! આ ચાલે છે એને બંધ કરવાની વાત નથી કરતા સાહેબદાદા; પણ, ગાડી ચલાવતાં ચલાવતાં મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીએ તો ધીમે ધીમે આ બધું શાંત થઈને મન સ્થિર કરી દે. અને પછી એ વખતે જે કંઈ સામે આવે તો Think કરવા માંડીએ, response આપતા શીખીએ, react કરતાં નહીં. Positive - સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મનમાં ચાલે છે. લેખમાં મહંત સ્વામીજી લખે છે :

મનગમતું, મનધાર્યું, સ્વૈચ્છિક આચરણ એ સ્વચ્છંદતા કહેવાય, સ્વતંત્રતા નહીં. આજે સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા ચાલી રહી છે. એવી સ્વચ્છંદતા નીતિનાશનો માર્ગ છે. તેમાંથી ટેન્શન, પ્રેશર, ડિપ્રેશન, બધું જન્મે છે. આ વિષ-ચક્ર છે, જેમ જેમ ફરે એમ બધું બગાડે છે, અંતે ખુવાર થવાય છે.

ધીરજ, ક્ષમા, (forgive and forget) પ્રેમ, શાંતિ, દયા, પરોપકાર વગેરે મૂલ્યો જીવનમાં દઢ થાય તે જ માનસિક તાણ કે દબાણનો ઉકેલ છે. What happens to you is only 10%. How you take it is 90%.

મને અપ્રિય હોય, મારી અપેક્ષાથી જુદી હોય એવી એક ઘટના બને તો, મહંત સ્વામી કહે છે એ ઘટના ૧૦% છે. If I respond well, thinking positively. તો મારું મન શાંત રહેશે. એટલે લેખમાં આગળ લખ્યું છે :

*તમારા જીવનમાં જે તકલીફ આવી તે માત્ર ૧૦ ટકા જ છે, પરંતુ તમે તેને મન પર કેવી રીતે લો છો તેના ૯૦ ટકા છે.*

*યોગીજી મહારાજને કોઈ ગાળો દે તો તેઓ માથે લેતા ન હતા. આપણે ગાળો માથે લઈ લઈએ છીએ એટલે તકલીફ થાય છે. આપણને જરાક કાંઈ થાય, નાની વાત હોય પણ કેટલા અપસેટ થઈ જઈએ છીએ! મન કેટલું હલી જાય, ખાટું થઈ જાય ! યોગીજી મહારાજ તેમના પર ત્રાસ ગુજારનાર વિજ્ઞાનદાસ સ્વામી ભેગા ૧૭ વર્ષ રહ્યા, પણ એક હરફ ઉચ્ચાર્યો નથી ! કોઈને જણાવવા દીધું નથી કે કોઈને કહેવા પણ દીધું નથી કે વિજ્ઞાનદાસે આમ કર્યું કે તેમ કર્યું !*

'ઓહોહો ! વિજ્ઞાનદાસ સ્વામી ગુરુ હતા તો આ યોગી યોગી થયા.' પેલો સાણસીથી ભરેલો જે ચીમટો એ યુવકોએ યોગીબાપાને નવડાવતી વખતે જોયો અને આખી વાત કેટલાંય વર્ષો પછી જાણી. જ્યારે જ્યારે આ માટે કોઈએ કંઈ કહ્યું-પૂછ્યું ત્યારે યોગીબાપાએ તો વિજ્ઞાનદાસ સ્વામીનો મહિમા જ કહ્યો. યોગીબાપાના જીવનમાં આવા પ્રકારના પણ પ્રસંગો બન્યા, પણ બાપાએ ક્યારેય વિજ્ઞાનદાસ સ્વામી વિશે અભાવ-અવગુણ તો જવા દો, પણ ગુરુ વિશે એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. તેથી લેખમાં આગળ કહે છે :

*માન-અપમાન, તિરસ્કાર, ગાળોથી મનને ચોટ લાગે. શરીરને નહીં. એટલે તેમાં બાહ્યોપચાર કેવી રીતે કામ કરે ? યોગીજી મહારાજને ચોટ લાગતી જ નહોતી. ૧૯૬૦માં સ્વામીશ્રી આફ્રિકા વિચરણથી પાછા મુંબઈ આવ્યા. ત્યારે એક દ્વેષીએ એક છાપામાં યોગીજી મહારાજની વિરુદ્ધમાં બહુ ખરાબ લખ્યું હતું. સ્વામીશ્રી કહે, 'આપણે તપાસવું. એવા છીએ ? એવા હોઈએ તો સુધરવું. અને ન હોઈએ તો ભવિષ્યમાં એવા ન થઈએ તે માટે આપણને એ ચેતવે છે. માટે આપણે રાજી થવું.'*

*યોગીજી મહારાજ ઘણી વખત ગાતા :*

*"રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા, ધનપતિ દુખિત વિકારમેં,*
*વિના વિવેક ભેખ સબ દુખિયા, જુઠા તન અંહકારમેં..."*

*ભેખ એટલે કે સાધુ થયા હોય તોય શું થયું ! ઠીક છે બધું ! શરીરના* મામલામાં જ્યાં સુધી પડ્યા રહીશું ત્યાં સુધી બધું વૃથા. મન દઢ કરવું પડે, આ જ સાચો વિવેક.

મન જીત્યું તેણે જગત જીત્યું. 'સ્વામીની વાતું'માં કહ્યું છે, 'કેટલાક મનને રમાડે છે ને કેટલાંકને મન રમાડે છે.' આ એક વાત પણ સમજી રાખવા જેવી છે. લેખમાં આ વાત આગળ વધારતાં લખાયું છે :

*ઠંડી-ગરમી મનમાં છે. થાક-ઊંઘ મનમાં છે. યોગીબાપા અનેક વખત બોલતા કે 'ઊંઘ ને થાક તો માર્યાં ફરે.' બોલો, આમાં ટેન્શન, પ્રેશર, તાણ, દબાણ ક્યાં ઊભાં રહે !? ઊભી પૂંછડીએ ભાગે !*

*લાગણી ઉપર સંયમ રાખો. નહીં તો મન આકુળ-વ્યાકુળ, અસ્થિર થઈ જશે. ભૂલ હોય તો કબૂલ કરો. હારીને રાજી થતાં શીખવું પડે. પોતાનો એકડો જ સાચો નહીં, અભાવ-અવગુણ કોઈનોય નહીં, કુસંગીનો પણ નહીં ! નહીંતર મન તાણ-ખેંચ ભોગવી અસ્થિર થશે.*

કાકાજી સાહેબદાદા વિશે એમ કહેતા કે, 'સાહેબ તો મન વગરના પુરુષ છે!' અને પપ્પાજી સાહેબદાદા માટે એવું કહેતા કે, 'ગંધાતા, સડેલા ઉકરડામાંથી પણ ગુણ શોધી લાવે અને એનો મહિમા ગાય એ સાહેબ !' આપણને તો કલ્પનામાંય ના આવે. આપણને ગંધાતા એંઠવાડની, સડેલા ઉકરડાની ખાલી કલ્પના આવે તોય ચીતરી ચડે છે, પણ એમાંથી ગુણ શોધવો એનું નામ સાહેબ - એમ પપ્પાજી કહેતા. આગળ લેખમાં યોગીબાપાની સ્મૃતિ કરાવતા એક પ્રસંગનો ઉલ્લેખ છે :

*એક વખત મુંબઈમાં દાદરમાં અક્ષર ભવન મંદિરે યોગીજી મહારાજ એક હરિભક્તને પત્ર લખી આપતા હતા. હરિભક્તને ગાડી પકડવાની હતી. અમદાવાદ જવાનું હતું. સમય એકદમ થઈ ગયો હતો. તેવામાં ત્રણ હરિભક્તો હાર પહેરાવવા વચ્ચે આવ્યા. ચાર વખત સ્વામીશ્રીને દખલ થઈ. ચોથાએ ભીનો હાર પહેરાવી દીધો. તે સ્વામીશ્રીએ લખેલા કાગળ પર પડ્યો અને ઈન્ક પેનથી લખેલું બધું ધોવાઈ ગયું. પણ સ્વામીશ્રીએ જરાય અકળાયા વિના સ્થિર મનથી બીજો પત્ર આખો ફરીથી લખી આપ્યો ! કોઈનો વાંક કાઢ્યો નહીં ! અવગુણ નહીં, ક્ષમાવૃત્તિ. સહનશક્તિ અને અપાર ધીરજ.*

આવો જ એક પ્રસંગ યોગીબાપા સાથે એક નાના બાળકનો છે. મુંબઈમાં એક નાના બાળકે પોતાની ડાયરીમાં બાપાના હસ્તાક્ષર કરાવ્યા. ઑટોગ્રાફ લેવાનો એક ટ્રૅન્ડ હોય છે. થોડા દિવસો બાદ અચાનક એક દિવસ એ બાળક નારાજ થઈને, નિરાશ થઈને આમ બેઠો હતો. એટલે બાપાએ એને બોલાવી બહુ વહાલથી પૂછ્યું, 'ગુરુ શું થયું ?' તો બાળક કહે, 'બાપા, મારી આ ડાયરીમાં પેલા બહુ મોટા માણસની સહી લેવા ગયો હતો તો તેમણે સહી ના કરી. એ મોટા સાહેબે તમારી સહી જોઈ એમ કહ્યું કે, આ ગરબડ ગોટા જેવી સહી કોની છે ? આ સહી તું કાઢી નાખે, આ પાનું ફાડી નાખે તો હું સહી કરું.' તો યોગીબાપા કહે, 'એમ, એવું કહ્યું ! તો ગુરુ ! એમાં શું ? પાનું ફાડી નાખવું હતું ને ! હું તમને બીજી વખત સહી કરી દેત, પણ એ મોટા માણસની સહી તો તમને મળી જાત.' કુસંગીનો પણ અભાવ નહીં ! કોઈનો વાંક કાઢે નહીં. કોઈનો અવગુણ જુએ નહીં. અપાર ધીરજ ! ધીરજની વાત લેખમાં આગળ વધારતાં લખ્યું છે :

*આપણને ધીરજ, ક્ષમાવૃત્તિ અને સહનશક્તિના અભાવના કારણે મન ઘણું ઘણું ગૂંચાય છે. યોગીજી મહારાજને કેટલી ધીરજ ! પ્રેશર, ટેન્શન ક્યાં ઊભાં રહે ? 'પાંવ ધરન કો ઠીકાનો' એટલે કે પગ મૂકવાનું ઠેકાણું તો મળવું જોઈએ ને !*

*આવું હતું યોગીજી મહારાજનું મન. કઠણમાં કઠણ સ્ટીલ તૂટે પણ સ્વામીશ્રીનું મન ન તૂટે. અકબંધ અને અણનમ રહે. જોકે, એમને તો મન જ ક્યાં હતું ! એમણે તો ગુરુમુખી થઈને મન અમન કરી દીધું હતું.*

વર્ષો પૂર્વે દીદીએ બનાવેલાં કીર્તનોમાંનું એક અદ્‌ભુત કીર્તન છે ! મનને આપણે જેટલી ભંડાય એટલી ગાળો ભાંડી છે, અનેક પ્રકારની ઉપમાઓ આપી છે કે મન આવું ને મન તેવું, મન ફલાણું ને મન ઢીંકણું. પણ, 'મન મંગલ મૂર્તિ મુરારિ... મન મંગલ મૂર્તિ મુરારિ,' પોતાનું મન ક્યારે મુરારિની મંગલ મૂર્તિ થઈ જાય ! મન સ્વયં મંગલ મૂર્તિ મુરારિ તે આ. યોગીબાપાને તો મન જ ક્યાં હતું ! એમણે તો ગુરુમુખી થઈને મનને અમન કરી દીધું હતું. 'ચૈતન્યશિલ્પીએ મૂર્તિ બનાવી.' કઈ ? મનરૂપી મંગલ મૂર્તિ–એ ક્યારે થાય ? ગુરુમુખી થઈ જઈએ ત્યારે થાય. ગુરુમુખી થઈ ગયો, મનનું અમન થઈ ગયું તો મન સાક્ષાત્ પ્રભુની મંગલમય મૂર્તિ બને. 'ન જોઈએ પૂજા, ન જોઈએ પૂજારી' પછી કોઈ પૂજાની જરૂર નહીં. કોઈ પૂજારીની જરૂર નહીં. સાક્ષાત્ ગુરુમુખી મારું અંતરમન થઈ જાય અને એવા મનમાં અખંડ શાંતિ, અખંડ આનંદ રહે. પ્રભુનો અખંડ નિવાસ રહે છે. અને એ મનથી જ્યારે હું આ વિશ્વને જોઉં તો, 'આંખ ઉઘાડી જોઉં જગત જ્યાં કણકણમાં પ્રભુ ભાળું, આંખ મીંચીને જોઉં ભીતરમાં અક્ષરરૂપ નિહાળું.'

લૌકિક દૃષ્ટિએ, વિજ્ઞાનની દૃષ્ટિએ આંખ જુએ છે. ખરેખર આંખ જુએ છે ? કે મન જુએ છે ? જો જોનાર ખરેખર આંખ જ હોય તો ફૂલને વૈજ્ઞાનિક અને કવિ બંને એક જ દૃષ્ટિથી જોવા જોઈએ. એટલે કે બૉટોનીવાળા અને કવિ એક જ દૃષ્ટિથી જોવા જોઈએ. ચંદ્રને ખગોળશાસ્ત્રી અને કવિ એક જ દૃષ્ટિથી જોવા જોઈએ. જોનારી આંખ લાગે છે, પણ ખરેખર જોનાર તો મન છે. સ્વાદ જીભનો છે કે મનનો છે ? તો જો આ મન મંગલ મૂર્તિ થઈ જાય તો 'ગુણનું માન ને અહમ્ ત્યાગી... બનાવ્યા સાચા વૈરાગી...' તો યોગીજી મહારાજને તો મન જ ક્યાં હતું ! સાહેબદાદાને તો મન જ ક્યાં છે ! આ વાતને લેખ આગળ વધારે છે :

*એમને તો મન જ ક્યાં હતું ! એમણે તો ગુરુમુખી થઈને મન અમન કરી દીધું હતું. ગુરુભક્તિથી મન પુરુષોત્તમરૂપ કરી દીધું હતું. એટલે જ એમને ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિનો કેફ અખંડ હતો. ભગવાનનું કર્તાપણું એટલે કે જે કરે તે સારા માટે –*

અંતરમાં ટાઢું રહે ને ઘગી ના જવાય એના બે ઉપાય. એક ભગવાનનું ભજન–સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવું અને બીજું મહંત સ્વામીજી મહારાજે અહીં કહ્યું એ પ્રમાણે ભગવાને સર્વ કર્તાહર્તા માનવા. એમાં દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું ને સુખ આવે તો સુખ ભોગવી લેવું ને કહ્યું છે કે, 'દાસના દુશ્મન હરિ કોઈ દી હોય નહીં, માટે જેમ કરતા હશે તેમ સુખ જ થાશે.'

*ભગવાનનું કર્તાપણું એટલે કે જે કરે તે સારા માટે – આવી અનન્ય સવળી સમજણ હતી. એટલે જ એમણે અનેક મુશ્કેલીઓ અને કષ્ટો વચ્ચે અનંત અપાર સુખ ભોગવ્યું છે. આજે પ્રમુખ સ્વામી મહારાજ એ જ સ્થિતિ માણે છે. યોગીજ મહારાજ ગયા જ નથી. પ્રમુખ સ્વામી મહારાજમાં વિચરે છે.*

યોગીજી મહારાજ ગયા જ નથી, પ્રમુખ સ્વામી મહારાજમાં, મહંત સ્વામી મહારાજમાં અને આપણા માટે ગુરુહરિ સાહેબદાદામાં ને સર્વ પ્રગટ ગુણાતીત સ્વરૂપોમાં અખંડ વિચરે છે. તેથી જ લેખના અંતે પ.પૂ. મહંત સ્વામી મહારાજ લખે છે :

*તેઓ આપણો આદર્શ છે. તેમની પાસેથી આવું ઘણું ઘણું શિખાય એમ છે. તેમાંથી શીખીએ તો અંદરનો ઉપચાર થાય અને પછી ટેન્શન, પ્રેશર, સ્ટ્રેસ એ બધું તો આપણાથી હજાર ગાઉ છેટું રહે !*

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જાન્યુઆરી, ગુરુવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિજ મંદિરજી તથા 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, નૂતનવર્ષના પ્રારંભે વિશેષ ધૂન-પ્રાર્થના કરી, ડાકોરમાં શ્રી શાંતિલાલ મોહનલાલ અશક્તાશ્રમમાં પધાર્યા. આશ્રમના સ્થાપક શ્રી ચંદ્રવદનભાઈ શાહના ૯૦મા જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી તથા મૉમેન્ટો અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યું. તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી તથા ઉપસ્થિત સૌ મહેમાનોને આશીર્વાદ આપ્યા. ચિખોદરામાં સહાધ્યાયી ડૉ. રમણભાઈ પટેલના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સોખડાથી પધારેલ જયંતીકાકાના પરિવારના મુક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨ જાન્યુઆરી, શુક્રવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં, 'અક્ષરમહોલ'માં સભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. રાત્રિસભામાં પોષીપૂનમ ઉત્સવ અને વડતાલધામ પદયાત્રા નિમિત્તે પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૩ જાન્યુઆરી, શનિવાર...** પોષીપૂનમ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના ૨૧૭મા દીક્ષાતિથિ દિન, બ્રહ્મજ્યોતિ સ્થિત શિખરબદ્ધ મંદિરજીની મૂર્તિઓના છઠ્ઠા પાટોત્સવપર્વ નિમિત્તે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ પાટોત્સવવિધિમાં લાભ લીધો, આરતી અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. પોષીપૂનમ, અનુપમ મિશનના વ્રતધારી સાધુઓના વ્રતધારણ દિન પ્રસંગે ત્રણ સાધુઓને પાર્ષદી દીક્ષા તેમજ તેર સાધુઓને ભાગવતી દીક્ષા અર્પણ કરી, ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૪ જાન્યુઆરી, રવિવાર...** વહેલી સવારે વડતાલ ધામ પદયાત્રામાં પધાર્યા. પદયાત્રી મુક્તોને ચા-કોફી, અલ્પાહાર કરાવવાની ભાવનાથી વલ્લભવિદ્યાનગર મંડળના અક્ષરમુક્તોએ નિર્માણ કરેલ બુથની મુલાકાત લીધી. સેવામાં ઉપસ્થિત સૌ ભક્તો પર ખૂબ રાજીપો અને આશીર્વાદ વરસાવ્યા. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ કૅમ્પસમાં યોજેલ સભામાં નૂતન સંતો અને યુવકો દ્વારા વિશિષ્ટ સ્વાગતના ભાવ અર્પણ થયા. સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૫ જાન્યુઆરી, સોમવાર...** યુ.કે.થી પધારેલ શ્રી સતીશભાઈ ચતવાણીનું સ્વાગત કરી, સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૬ જાન્યુઆરી, મંગળવાર...** યુ.એસ.એ. પરત પધારતા ચિરાગવન ગોસ્વામી અને પરિવારને વિદાય વેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. ફિજીથી પધારેલ મીનાબહેનને મુલાકાત આપી. શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ-ડાકોરથી શ્રી ચંદ્રવદનભાઈ આશ્રમમાં નિવાસ કરતા વડીલોને લઈને શ્રી ઠાકોરજીનાં દર્શન અને મુલાકાત માટે પધાર્યા, તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૭ જાન્યુઆરી, બુધવાર...** યુ.કે.થી પધારેલ દાનવીર શ્રી ભીખુભાઈ, શ્રી વિજયભાઈ અને પરિવારનાં સ્વાગત-પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. ચરોતર આરોગ્ય મંડળ સંચાલિત ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ ખાતે વૅમેડ ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ સાયન્સીસના લોકાર્પણ સમારંભમાં પધારી આશીર્વાદ આપ્યા. મોરબીથી પધારેલ બાલુમામા તથા પરિવારજનોને સત્કારી આશીર્વાદ આપ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. તાજેતરમાં સાધુની દીક્ષા પ્રાપ્ત કરેલ




કરમસદ ખાતે વૅમેડ કૉલેજ ઑફ નર્સિંગ સાયન્સીસનાં મુક્તાર્પણ પ્રસંગે આશીર્દાન

સર્વે નૂતન સાધુઓ તેમજ દેશ-વિદેશથી પધારેલા ભક્તોનાં અભિવાદન કરી આશીર્વાદ આપ્યા.

**૮ જાન્યુઆરી, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે ગુરુસભામાં પધારી યુવકો દ્વારા આયોજિત સંગીત આરાધના માણી આનંદ કર્યો. ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા તથા સૂરવૃંદના સર્વે કલાકારોને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા.

**૯ જાન્યુઆરી, શુક્રવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ જાન્યુઆરી, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ કેમેસ્ટ્રીમાં પધાર્યા. જ્યાં ભૂતકાળમાં હેડ ઑફ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિપદે ડૉ. આર. ડી. પટેલસાહેબે અનેક વર્ષો સેવા આપી હતી. તેઓના ૧૦૬મા પ્રાગટ્યપર્વે ડિપાર્ટમેન્ટ ઑફ કેમેસ્ટ્રીમાં તેઓની પ્રતિમાના લોકાર્પણની વિધિ સંપન્ન કરી. ત્યારબાદ સભામાં સૌને ડૉ. આર. ડી. પટેલસાહેબના જીવનમાહાત્મ્યની વાતો કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ ઇલેક્ટ્રૉનિક્સ વિભાગમાં પધાર્યા. આ વિભાગનાં અધ્યક્ષા ડૉ. વિભાબહેને ભાવથી પુષ્પવૃષ્ટિ દ્વારા સ્વાગત-અભિવાદન કરી, સભામાં સૌ વિદ્યાર્થીઓને આશીર્વાદ અને પ્રસાદ અપાવ્યા તેમજ આખા ડિપાર્ટમેન્ટમાં પધરામણી કરાવી. આ જ વિભાગમાં સક્ષમ સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ એન્ડ રિહેબિલિટેશન ઓફ દિવ્યાંગજન બી. ઍડ. એન્ડ એમ. ઍડ. સ્પેશ્યલ ઍજ્યુકેશન સેલ વિભાગ પણ ચાલે છે. આ વિભાગના અધ્યક્ષ ડૉ. દિલીપ શર્મા અને તેમનાં પત્ની ડૉ. નીલુબહેનની ઑફિસમાં પધરામણી કરી, આશીર્વાદ આપ્યા. સાંજે યોગેન્દ્રભાઈ-મીનુબહેનના ભાવથી 'નિજાનંદ'માં યોજેલ માટલા ઊંધિયા ઉત્સવ પ્રસંગે પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. આ પ્રસંગે આમંત્રિત આણંદ-વડોદરાના સૌ ડૉક્ટર પરિવારોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો.

**૧૧ જાન્યુઆરી, રવિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં ચિ. ચિત્રાંગ-ચિ. આસ્થાનાં લગ્નની મહાપૂજામાં પધારી નવદંપતીને તેમજ પધારેલાં સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ જાન્યુઆરી, સોમવાર...** બપોરે રિચમંડ-યુ.એસ.એ.થી પધારેલ ભાવેશભાઈ અને કુટુંબીજનોને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૧૩ જાન્યુઆરી, મંગળવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ડી. એન. હાઈસ્કૂલ-આણંદમાં પરમ સન્માનનીયશ્રી પૂ. વિઠ્ઠલકાકાના જન્મદિવસે યોજાયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સમારંભમાં પધારી રાષ્ટ્રિય તથા રાજ્યકક્ષાએ શાળાનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનાં તેમજ માર્ગદર્શકોનાં અભિવાદન-સન્માન કર્યાં. કાર્યક્રમમાં શ્રી મિતેશભાઈ પટેલ (સાંસદશ્રી, આણંદ), શ્રી નરેન્દ્રભાઈ પટેલ, (ભૂતપૂર્વ વિદ્યાર્થી), ડૉ. જિતુભાઈ પટેલ (યુ.એસ.એ.), અનુપમ મિશનના સંતો, શ્રી કેતનભાઈ પટેલ (મંત્રીશ્રી, ચરોતર ઍજ્યુકેશન સોસાયટી), ટ્રસ્ટી ગણ, પરદેશના આમંત્રિત મહેમાનો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા; તે સૌને આશીર્વાદ આપ્યા તેમજ પૂ. વિઠ્ઠલકાકાના સાધુચરિત જીવનનું અદ્ભુત દર્શન કરાવી પોતાના વિદ્યાગુરુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

**૧૪ જાન્યુઆરી, બુધવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મકરસંક્રાંતિ-'ઝોળીપર્વ' નિમિત્તે 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ શ્રી ઠાકોરજી સમક્ષ 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ના ઉચ્ચ સ્વરથી ઝોળી માંગવાનો શુભારંભ કર્યો ત્યારે ઉપસ્થિત ભક્તોએ ઝોળી અર્પણ કરી. કરમસદમાં અમિતાબહેન-મિલનકુમાર, વિનુભાઈ-સુમીબહેન, કલ્પેશભાઈ ત્રિવેદી, પારુલબહેન-વ્રજેશભાઈ, જયંતીભાઈ ધડુક, રાજાભાઈ ભરવાડ, બિંદુબા-બારીન્દ્રભાઈ, કાર્તિકભાઈ



ચરોતર ઍજ્યુકેશન સોસાયટી, આણંદના વાર્ષિકોત્સવ પ્રસંગે આશીર્દાન

ભક્તના ઘરે પધારી ઝોળી માંગી તથા ધૂન-પ્રાર્થના કરી, પરિવારજનોનાં પૂજન કરી આશીર્વાદ આપ્યા. સાંજે 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં સંતો-ભક્તોના ઝોળીપર્વના અનુભવોની વાતો સાંભળી આશીર્વાદ આપ્યા.

**૧૫ જાન્યુઆરી, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ કેમ્પસમાં 'નૈમિષારણ્ય'ના સી-બ્લૉકની અગાશી પર પધારી સંતો-ભક્તો-યુવકોને આનંદબ્રહ્મ કરાવવા પતંગ ચગાવી સ્મૃતિ-દર્શન આપ્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પારુલબહેન-ડૉ. તેજનભાઈ અને મંજુબહેન, ડૉ. રાહુલ, ભૂમિકા આદિનાં સ્વાગત-અભિવાદન કરી આશીર્વાદ આપ્યા.

**૧૬ જાન્યુઆરી, શુક્રવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરીને દહેગામ 'સાયોમૃત' મંદિર દશાબ્દી પાટોત્સવ નિમિત્તે પધાર્યા. આશિષભાઈ-કિંજલબહેનના ઘરે પધરામણી કરી અને ઉપસ્થિત સૌ ભક્તોના સ્વાગતના ભાવ ઝીલીને સભામાં આશીર્વાદ પાઠવ્યા. તીર્થકુમાર-ધ્રુવીબહેનના નૂતન આવાસ-'શાંતિતીર્થ'માં પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે 'સાયોમૃત' મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે 'સાયોમૃત' મંદિરે પધારેલ યુવક-યુવતીઓને ગોષ્ઠિસભામાં દર્શન-આશીર્વાદનું સુખ આપી રાજીપો વ્યક્ત કર્યો, સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈને મોડી રાત્રે પરત બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૭ જાન્યુઆરી, શનિવાર...** ભાવનગરના પૂ. મનહરભાઈના દીકરા સત્યમની લગ્ન-કંકોતરીનું પૂજન કરી આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૧૮ જાન્યુઆરી, રવિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સ્વાસ્થ્ય-પરીક્ષણ માટે અમદાવાદ પધાર્યા. પૂ. અતુલભાઈ લેખડિયાના ઘરે પધરામણી કરી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી અમીબહેન-દિવ્યેશભાઈના ઘરે પધાર્યા. સાંજે પંકજભાઈ પટેલના 'ચંચળ પાર્ટી પ્લૉટ'માં યોજેલ માટલા ઊંધિયા ઉત્સવમાં પધાર્યા ત્યારે સૌ સંતો-ભક્તો-ડૉક્ટરોએ સત્કાર્યા. સભામાં નેશનલ મૅડિકલ ઍસોસિયેશનના ચૅરમૅન પદે તાજેતરમાં નિયુક્ત થયેલ ડૉ. અભિજાતભાઈ શેઠ, યુ.એસ.એ.થી પધારેલ ડૉ. ડેવિડ ચીરન તથા ડૉ. તેજનભાઈ, ડૉ. પાર્થિવભાઈનું બૂકે, ખેસ, શાલ, મૉમેન્ટો અને મૂર્તિ અર્પણ કરી સ્વાગત-અભિવાદન કર્યાં. આ ઉપરાંત પધારેલ અમદાવાદના સર્વ ડૉક્ટરોનાં સ્વાગત કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. ઊંધિયા ઉત્સવમાં સેવા કરતા સૌ કાર્યકર્તાઓની સેવા-ભક્તિ બિરદાવી રાજીપો વરસાવી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૯ જાન્યુઆરી, સોમવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં સભામાં ડૉ. ડેવિડ ચીરન-ડૉ. મેરી ચીરન, ડૉ. તેજનભાઈ-પારુલબહેન આદિ સૌનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. 'તીરથ'માં ડૉ. ડેવિડ ચીરન, ડૉ. તેજનભાઈ અને ભક્તો સાથે ગોષ્ઠિ કરી.

**૨૦ જાન્યુઆરી, મંગળવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સભામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. બપોરે ડૉ. ડેવિડ ચીરન-ડૉ. મેરી ચીરનને વિદાયની શુભેચ્છાઓ આપી.

**૨૧ જાન્યુઆરી, બુધવાર...** 'ઉપાસના' આવાસમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિન, ડૉ. જિતુભાઈ પટેલ (અનુપમ મિશન, યુ.એસ.એ.ના પ્રમુખ)નો જન્મદિવસ અને સંતભગવંત સાહેબજીની હાર્ટસર્જરીને ૧૧ વર્ષ પૂર્ણ થયાં તે ત્રણ પ્રસંગો નિમિત્તે યોજેલ સભામાં પધારી ઉપસ્થિત સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારેલા નેચરક્યૉરના ડૉક્ટરોને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૨૨ જાન્યુઆરી, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં વસંતપંચમીની પૂર્વ રાત્રિસભામાં 'શિક્ષાપત્રી' અને બ્રહ્મસ્વરૂપ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે આશીર્વાદ આપ્યા.

**૨૩ જાન્યુઆરી, શુક્રવાર...** વસંતપંચમી, 'શિક્ષાપત્રી' જયંતી, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યદિન, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજ વાર્ષિક સ્મૃતિદિન નિમિત્તે વહેલી સવારે 'અક્ષરમહોલ'માં શણગાર આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સભામાં આશીર્વાદ આપ્યા બાદ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી. નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કર્યાં બાદ સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા. સાંજે 'વર્ણીકુંજ'માં યોજેલ વિશિષ્ટ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો

તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. દેશ-વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કર્યાં તેમજ વિદેશ પરત પધારતા ભક્તોને વિદાયની શુભેચ્છાઓ અર્પણ કરી આશીર્વાદ આપ્યા.

**૨૪ જાન્યુઆરી, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને સત્સંગનું સુખ આપ્યું.

**૨૫ જાન્યુઆરી રવિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા. 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગ'માં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં તેમજ રાત્રિસભામાં પૂ. મણિકાકા (ચૅકર)ના ૯૦મા જન્મદિવસે પૂજન-હાર-શાલ-મૂર્તિ દ્વારા સન્માન કરી આશીર્વાદ આપ્યા.

**૨૬ જાન્યુઆરી, સોમવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પ્રજાસત્તાકદિન નિમિત્તે આશીર્વાદ આપ્યા. સોખડાથી પધારેલ નવદંપતી વૈશ્વિક અને પૂજાને આશીર્વાદ આપ્યા. કરમસદમાં પારુલબહેનના ઘરે ભક્તો સાથે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી, સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ જાન્યુઆરી, મંગળવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.એસ.એ. પરત પધારતા ડૉ. તેજનભાઈને વિદાયવેળાએ શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં સદ્‌ગુરુ સાધુ પ.પૂ. શાંતિદાદાની ત્રીજી વાર્ષિક નિર્વાણતિથિ નિમિત્તે આશીર્વાદ આપ્યા. હાલ લૉસ ઍન્જલસ, યુ.એસ.એ. નિવાસી જિતુભાઈ-મનીષાબહેનના આણંદ સ્થિત નૂતન આવાસની વાસ્તુ-મહાપૂજામાં પધાર્યા. નૂતન આવાસની તકતી-'અક્ષરમ્'ને વિધિવત્ ખુલ્લી મૂકી ગૃહપ્રવેશ કર્યો ત્યારે પરિવારના મુક્તોએ પૂજન-અર્ચન કરી સ્વાગતના ભાવ ધર્યા. નૂતન ઘરમંદિરજીમાં આરતી અર્પણ કરી સભામાં ઉપસ્થિત મહેમાનો, ભક્તો અને પરિવારજનોને આશીર્વાદ આપ્યા. પડોશમાં નિવાસ કરતાં અલ્પેશભાઈ-રેખાબહેન, ભાવેશભાઈ-હેતલબહેનના ઘરે પધરામણી-ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા.

**૨૮ જાન્યુઆરી, બુધવાર...** સાંજે અઠવાડિક સંતસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ. પરત પધારતાં ગિરીશભાઈ-રક્ષાબહેનને વિદાયની શુભેચ્છા તથા આશીર્વાદ પાઠવ્યાં.

**૨૯ જાન્યુઆરી, ગુરુવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં પધારી 'યુનિટી' પરિવારનાં બ્રિજેશભાઈ-સોનલબહેનના દીકરા ચિ. પ્રેરક-ચિ. રીશવા નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'અક્ષરમહોલ'માં અ.નિ. પ્રેમીલાબા (ઝેવર પરિવાર)ની ત્રયોદશી-મહાપૂજા નિમિત્તે પધારી ઉપસ્થિત સર્વે પરિવારજનોને આશીર્વાદ આપ્યા. આવી રહેલ ધુળેટી ઉત્સવ નિમિત્તે સાંજે મંદિરજી પ્રદક્ષિણા ભક્તિ અદા કરતા ભક્તોને દર્શન આપ્યાં.

**૩૦ જાન્યુઆરી, શુક્રવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ આપ્યા. મુંબઈનાં મહેશભાઈ હરસોરા-પ્રવીણાબહેનના દીકરા હાર્દિક અને પ્રાચીનાં લગ્ન-કંકોતરીનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૩૧ જાન્યુઆરી, શનિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં સભામાં ડૉ. નિરંજનભાઈ (E.N.T.), રીનાબહેન, વર્ષાબહેન તથા ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં સભામાં દાવોલથી પધારેલ નરેન્દ્રભાઈ-જ્યોત્સનાબહેનને આવકાર્યાં તથા નરેન્દ્રભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. ◆



# Leading by Example !

~ **Saheli Sheth** (Peoria, USA)

It was the first youth sabha of 2026, and we wanted to try something different. That day, three 10-year-old boys stepped into the role of youth leaders. The usual youth leaders became the students, following every activity the boys created.

During a game, one boy – now a "youth leader" – paused to remind everyone, "Remember, we're here just to have fun. The point isn't to win; it's to enjoy ourselves!" The other youth leader and I exchanged amused glances. The boy was echoing something we often say!

After the activity, we "students" shared what we had learned. The boys came up to us afterward and said, "Great job sharing!" followed by high-fives. We were stunned – this was exactly how we usually wrapped up our sabhas with them. These seemingly playful kids were keenly observing our actions and absorbing far more than we realized.

That day reinforced a simple truth: *Kids learn by watching what you do.*

What if you tried a role reversal with your child and said, "You're the parent for the day, I'm the kid"? **If they copied your actions exactly, how would that feel?** What do you think they'd do?

The following sabha deepened this lesson. We noticed a younger child mimicking a mischievous act of a 12-year-old boy. We gently reminded the older boy, "You're a role model here. The younger kids see you and learn from you." Later, during an activity where we took turns saying something positive about one another, I struggled to find something nice to say. My mind went completely blank. The same 12-year-old looked at me and said sarcastically, "You're a role model here. We see you too and learn from you."

His words stopped me in my tracks. They reminded me of the importance of actively seeking the good in others, rather than waiting for it to come to mind.

Guruhari Sahebdada models this idea of practicing what he preaches. When Sadguru Sant Pujya Manojdasji once presented a logo design for feedback, Sahebdada could have commanded changes. Instead, he gently suggested, "Ā aksharo thodā motā karie to?" [*What if we make the letters a bit larger?]* He could have said "Aksharo motā *karo*," but instead he chose "*karie to*". A small difference, but he chose humility over authority, leading by example.

"Lead by example" is easy to say. Living it is much harder. Consider you're driving and quickly glance at a text. If, days or years later, your child does the same, what can you say then? Where did they learn that was okay?

It can bring guilt when our actions don't match the parent we want to be. A message I recently heard stayed with me: ***"No one wakes up trying to be a bad parent."*** Read that again. No one starts their day thinking, *Today I'll lose my temper,* or *Today I won't be present with my kids.*

When guilt comes up, it helps to ask:

- Is this showing me where I want to improve?
- Is this revealing a disconnect between my actions and my values?
  If so, there's something to learn.
- Or, is this guilt stemming from unrealistic expectations, like *I should always be available for my kids,* or *I should never take a break*?

If that's the case, it may be worth letting it go and choosing more compassionate standards instead.

Across all ages, our children aren't just children; **they're sharp observers, listeners, and learners.** They learn the good and the bad. If we scroll our phones or watch TV while eating, they learn that. If we speak harshly or curse, they learn that too.

Guruhari Sahebdada shares a parable of a mother who tells her child to pray, but the child doesn't listen. One day, the child finds the mother praying. The next day, the same thing happens. Soon, without being told, the child sits and prays. This is the quiet power parents hold.

This doesn't mean parents are responsible for everything their children do; kids also learn from peers and the world around them. But parents do have an impactful opportunity to model positive behavior.

May we pause and become more aware of our actions, remembering our children learn not from our words but from our actions. How we handle our own anger, how we speak to ourselves after making mistakes, how much time we spend on our phones – our own actions teach them far more than words ever could. Our kids learn from **what we do,** not from what we tell them to do.

# સકારાત્મક વિચારો : શરમાવીને નહિ પણ પ્રેમથી સંવાદ સાધો

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**મંદિરમાં** બિરાજમાન જાંબલી અને લીલા વાઘામાં સજ્જ શ્રીઠાકોરજી અત્યંત મનમોહક લાગી રહ્યા હતા. તેઓની સામે એકીટશે જોઈ રહી હતી ત્યારે, અચાનક મારા મનમાં એક વિચાર સ્ફૂરી ઊઠ્યો : **"તમે કોઈને શરમાવીને કે અપમાનિત કરીને (નીચા દેખાડીને) બદલી શકતા નથી."** કુતૂહલવૃત્તિથી મેં આ વાક્ય ગૂગલ પર શોધ્યું તો મને જાણવા મળ્યું કે, આ કંઈ તદ્દન નવો વિચાર કે ખ્યાલ નથી.

લેખિકા બ્રેને બ્રાઉને જણાવ્યું છે કે, "તમે કોઈને શરમાવીને કે તેમને નીચા દેખાડીને બદલી શકતા નથી." ઉદાહરણ તરીકે, તેણી સમજાવે છે કે, આપણે વજન ઘટાડવા માટે કંઈ આપણી જાતને ધિક્કારી શકતા નથી કે નથી આપણે સ્વયં માટે શરમ અનુભવીને વધુ સારાં માતા-પિતા બની શકતાં.

ડૉ. જેમ્સ રાઉઝે પણ કહ્યું છે : "તમે તમારી જાતને શરમાવીને (કે ધિક્કારીને) પરિવર્તન પામી ના શકો. તમે માત્ર તમારી જાતને પ્રેમ કરીને જ વિકાસ કરી શકો અથવા શ્રેષ્ઠ પરિવર્તન પામી શકો."

તમારા બાળકની એવી કોઈ બાબત વિશે વિચારો કે જેનાથી તમને ગુસ્સો આવતો હોય. જ્યારે આપણી અંદર અકળામણ કે ગુસ્સો વધી જાય ત્યારે ઘણીવાર તેમને કેવું કેવું કહી દેવાનું આપણને મન થઈ જતું હોય છે ? આપણા બાળકના વર્તનને સુધારવાના પ્રયત્નમાં અજાણપણે પણ આપણે **શરમ** આવે તેવા કેવા કેવા શબ્દોનો ઉપયોગ કરતા હોઈએ છીએ તેનાં કેટલાંક ઉદાહરણો અહીં આપ્યાં છે :

"જો તું મોબાઈલ પર ઓછો સમય વિતાવીશ, તો તારા પરિણામમાં સુધારો થશે."

"તું ઘરમાં કંઈ કામ કરતી નથી. તારી ઉંમરે તો મને રસોઈ કરતાં પણ આવડતી હતી."

"અભ્યાસમાં પૂરતી મહેનત નહિ કરીને તારી ક્ષમતાને-શક્તિઓને તું વેડફી રહી છું. જો તો ખરી, તારા શિક્ષણ પાછળ હું કેટલી મહેનત કરી રહી છું !"

"જો લોકો જાણશે તો શું કહેશે ? આપણા પરિવારનો તો વિચાર કર. અને તારા વર્તનથી હજી અમને તું કેટલા નીચા દેખાડીશ !" (ઘણીવાર બાળકના જીવનના મહત્ત્વના નિર્ણયોમાં આપણે બાળકની ઇચ્છાઓ અને જરૂરિયાત કરતાં સમાજનાં લોકોના અભિપ્રાયોને વધુ પ્રાધાન્ય આપી દેતાં હોઈએ છીએ.)

"તું આળસુ છે, તારી વસ્તુઓ જ્યાં-ત્યાં બધે રઝળતી મૂકી દે છે."

"તું તારો બધો સમય ટી.વી. જોવામાં વિતાવે છે. તારે લોકો સાથે વધુ વાતચીત કરવી જોઈએ !"

ભલે દરેક માતા-પિતાની ચિંતા ૧૦૦% વાજબી હોય, પરંતુ **'શું કહેવામાં આવે છે'** તેના કરતાં **'તે કેવી રીતે કહેવામાં આવે છે'** તે વધુ મહત્ત્વનું હોય છે. આપણી વાત કરવાની જે રીત હોય, તે બદલવી કદાચ સહેલી નથી, પરંતુ આપણા શબ્દો આપણાં બાળકો પર કેવી અસર કરે છે તે સમજવું એ તે દિશામાં પ્રથમ પગલું છે.

અપરાધ ભાવ અને શરમ વચ્ચેના તફાવતની ચર્ચા ઘણીવાર સ્વાવલંબીઓનાં વર્તુળોમાં થતી હોય છે. હકીકતમાં તો જ્યારે આપણે બાળકના વર્તનને પ્રેમપૂર્વક સુધારવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ, ત્યારે પોતાના વર્તન પ્રત્યેનો બાળકનો અપરાધ ભાવ એક સાનુકૂળ પ્રતિક્રિયા બની શકે છે, પરંતુ પોતાના પ્રત્યેનો શરમનો અહેસાસ પોતાને એક 'ખરાબ' વ્યક્તિ તરીકે ગણાવીને બાળકની અંદર નકારાત્મક વિચારોની ગૂંચ પેદા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, અપરાધ ભાવ એવો સંકેત આપે છે કે, **'મેં કંઈક ખરાબ કામ કર્યું છે'** અને તે આપણને તેવા વર્તનમાંથી સારું શીખવા માટે પ્રોત્સાહિત કરે છે. તો બીજી તરફ શરમ આપણને એમ કહે છે કે, **'હું જ ખરાબ છું.'** શરમ આપણને લાચારીની લાગણી તરફ દોરી જાય છે, જ્યાં આપણે કાં તો સ્થગિત થઈ જઈએ છીએ અથવા કાર્ય કરવા માટે અસમર્થતા અનુભવીએ છીએ. **જો આપણો હેતુ કોઈનામાં પરિવર્તન લાવવાનો હોય, તો શરમ તેનાથી તદ્દન વિપરીત કાર્ય કરે છે.**

માતા-પિતા તરીકે આપણે પણ આપણી જાતને શરમાવવાની (નીચી દેખાડવાની) અથવા પોતાની જ આલોચના કરવાની જાળમાં ફસાઈ શકીએ છીએ :

"પેલાં બાળકોને જો, કેટલાં સફળ છે. તારા ઉછેરમાં મારાથી શી કમી રહી ગઈ ?"

"જો મારું બાળક સફળ નહીં થાય, તો તે મારા ઉછેરની ખામી ગણાશે."

"મારે વધુ ધીરજ રાખવી જોઈતી હતી; હું બહુ જલદી ગુસ્સે થઈ જાઉં છું."

"મારી ભૂલના કારણે જ તેઓ આજે સંઘર્ષ કરી રહ્યાં છે."

"મને એવું લાગે છે કે મારે મારી પોતાની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તેમની સાથે વધુ સમય વિતાવવો જોઈતો હતો."

વિચારો કે, જ્યારે તમે શરમ અનુભવો છો ત્યારે કેવો પ્રતિભાવ આપો છો. શું તે તમને તમારા વર્તનને બદલવા માટે પ્રોત્સાહિત કરે છે ? ઘણીવાર, શરમ આવા બદલાવને પ્રોત્સાહિત નથી કરતી. **તેના બદલે તે આપણી અંદર 'સ્વ-બચાવ'ની પ્રતિક્રિયાને સક્રિય કરે છે,** જે આપણને ત્યાંથી ભગાડી દે છે અથવા ચૂપ કરી દે છે.

તો, તેના બદલે આપણે શું કરી શકીએ ?

૧. **તમારા શબ્દકોશમાંથી 'જોઈએ' શબ્દને કાઢી નાખો.** 'મારે વધુ સારું બનવું જોઈએ' અથવા 'મારું બાળક આવું હોવું જોઈએ' જેવા વિચારોને પ્રેમસભર સ્વ-સંવાદ કરીને આ રીતે બદલો : 'હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છું.' આવો નાનો બદલાવ પણ આપણને નિષ્ફળતાના ભાવમાંથી બહાર આવવામાં મદદ કરશે.

૨. **મક્કમ, પ્રેમાળ અને બળભરી વાતો કરો.** સદ્‌ગુરુ સંત પૂજ્ય મનોજદાસજીએ યુવાનોના એક જૂથને પૂછ્યું, 'શું નકારાત્મકતાથી કોઈ ખુશ થાય છે ? જો તમે એવી એક પણ વ્યક્તિને જાણતા હોવ કે જે એમ કહેતી હોય કે, 'હું નકારાત્મક હતો એટલે સુખી છું', તો હાથ ઊંચો કરો.' એક પણ હાથ ઊંચો ન થયો ! તેમણે એ વાત પર ભાર મૂક્યો કે જો નકારાત્મકતા ખરેખર કામ કરતી હોત, તો આપણે લોકોને બદલાવ લાવવા માટે પ્રોત્સાહિત કરવા એકબીજાંની ટીકા કરવાનાં સંમેલનો યોજતાં હોત. પરંતુ આપણે બધાં જાણીએ છીએ કે, નકારાત્મકતા અને ટીકા ક્યારેય બદલાવ કે ખુશી લાવતી નથી.

આપણે આપણી જાત સાથે અને અન્યો સાથે સકારાત્મકતા અને પ્રેમથી વર્તીએ. આમ કરવાથી, આપણે આપણાં મૂલ્યોને અનુરૂપ જીવન જીવતાં થઈ શકીએ અને આપણી આસપાસનાં લોકોને પણ તેમ કરવા માટે પ્રેરિત કરી શકીએ. જોકે, આ જ તો **ગુરુહરિ સાહેબદાદાનું જીવનસૂત્ર છે : 'સકારાત્મક વિચારો, બાકી બધું આપોઆપ સારું થઈ જશે.'** ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-જાન્યુઆરી, ૨૦૨૬ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

## પૂજ્ય ડૉ. આર. ડી.દાદા પ્રતિમાસ્થાપન

સંતભગવંત સાહેબજીના વિદ્યાગુરુ પરમ સન્માનનીય ડૉ. આર. ડી. પટેલસાહેબના ૧૦૬મા પ્રાગટ્યદિને-૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રીમાં તેઓની આરસ પ્રતિમાના લોકાર્પણનો એક ઐતહાસિક કાર્યક્રમ યોજાયો. અનુપમ મિશન, ડૉ. આર. ડી.દાદાનાં પરિવારજનો, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ડિપાટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુક્ત આયોજનથી આ કાર્યક્રમ અત્યંત આદરપૂર્વક સંપન્ન થયો. સંતભગવંત સાહેબજી તેઓના વિદ્યાગુરુની આ પથ્થરની પ્રતિમાને પ્રતિમા તરીકે નથી જોતા; તેઓ પ્રેમપૂર્વક તેને તેમની મૂર્તિ તરીકે સંબોધે છે-જે આર. ડી.દાદાના અપ્રતિમ જીવન અને ભક્તિવારસાનું જીવંત દર્શન છે !

ડૉ. રમણભાઈ ડી. પટેલ (ડૉ. આર. ડી. પટેલ)-વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક તો હતા જ, પણ તેઓનો દૃષ્ટિકોણ અદ્વિતીય હતો-તેઓ પોતાના વિદ્યાર્થીઓને ઈશ્વરસ્વરૂપ માનતા. વિદ્યાર્થીઓનું ઘડતર કરવું અને તેમને માર્ગદર્શન આપવું એને જ તેઓએ સાચી ઉપાસના માનેલી ! પરંતુ, પોતાના વિદ્યાર્થી-સાહેબદાદાનું ગુરુભક્તિસભર જીવન જોઈને તેમજ વી. એસ. પટેલ અને ડૉક્ટરદાદાનાં જીવન પરિવર્તન જોઈને તેઓને યોગીજી મહારાજ પ્રત્યે દિવ્યભાવ થયો. એકવાર આર. ડી.દાદા ગુણાતીત સમાજ દ્વારા આયોજિત સત્સંગ પ્રદર્શન જોવા ગયા, જે નિહાળ્યા પછી અત્યંત વિચક્ષણ એવા આર. ડી.દાદાએ તે ઘડીથી જ નિશ્ચય કર્યો અને વિઝિટર્સ બુકમાં લખ્યું કે, 'સૌના અવગુણ જોનાર આ આર. ડી., આજથી નક્કી કરે છે કે, તે સૌના ગુણ જ જોશે.' અને ખરેખર આર. ડી.દાદાએ તે શબ્દોને પોતાનું જીવન બનાવ્યું. આવું આંતરિક પરિવર્તન કરવા અને નિર્દોષબુદ્ધિને પ્રાપ્ત કરવા માટે તેઓએ ખૂબ ધૂન-પ્રાર્થના કરી. પછી તો, એક સમયના પોતાના વિદ્યાર્થી-સંતભગવંત સાહેબજીને પોતાના આધ્યાત્મિક ગુરુ અને કલ્યાણદાતા માની આર. ડી.દાદાએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું અને અનુપમ મિશન, અમેરિકાના 'પૉકોનો' ને ત્યારબાદ 'ઍલનટાઉન' સ્થિત મંદિરમાં પૂજારી તરીકે સેવાઓ કરી; જે તેઓની વિનમ્રતા, સમર્પણ અને ભક્તિનો પુરાવો છે !



ડૉ. આર. ડી.દાદા પ્રતિમાસ્થાપન બાદ સભામાં સાહેબજીનાં આશીર્દાન

આવા વિરલ વ્યક્તિત્વને બિરદાવવા અને ખાસ તો, તેઓની કેમેસ્ટ્રી ક્ષેત્રની બેનમૂન સિદ્ધિઓ, વિજ્ઞાનક્ષેત્રનાં પ્રદાન અને તેઓ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીને મળેલ વૈશ્વિક ખ્યાતિને વધાવવાના ભાગરૂપે આ પ્રતિમા પધરાવી પૂ. આર. ડી.દાદા પ્રતિ સંતભગવંત સાહેબજી અને સૌએ ઋણાનુવંદન અર્પણ કર્યાં. પ્રતિમાસ્થાપન પ્રસંગે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, અનુપમ મિશનના સંતો તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નિરંજનભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના પ્રમુખ અને ચારુતર યુનિવર્સિટીના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વડા ડૉ. મનીષભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. ભાઈલાલભાઈ પટેલ, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના પ્રાધ્યાપકો, આર. ડી.દાદાનાં પરિવારજનો-ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ-ડૉ. રીટાબહેન, હિતેશભાઈ પટેલ, વૈજ્ઞાનિક ને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ (યુ.એસ.એ.)ના પ્રમુખ ડૉ. જી. એન. પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આદિએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કૃતજ્ઞતા વ્યક્ત કરી.

ડૉ. આર. ડી.દાદાની પ્રતિમાના લોકાર્પણ બાદ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના ઑડિટોરિયમમાં સભા યોજવામાં આવી. પ્રાર્થના, દીપપ્રાગટ્ય બાદ આર. ડી.દાદાનાં જીવન અને કાર્ય ઉપર એક સુંદર પ્રૅઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવ્યું. ડૉ. દર્શન ચોકસી (ડીન-સાયન્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી) દ્વારા સ્વાગત-ઉદ્‌બોધન કરવામાં આવ્યું અને ત્યારબાદ ડૉ. જી. એન. પટેલ, ડૉ. જિતુભાઈ પટેલ, દિનેશકુમાર, ડૉ. નિરંજનભાઈ પટેલ, ડૉ. જે. એસ. પરમાર (પૂર્વ હેડ, કેમેસ્ટ્રી વિભાગ) આદિએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી આર. ડી.દાદાના શૈક્ષણિક, સામાજિક તથા આધ્યાત્મિક જીવનની સુંદર વાતો કરી, સંસ્મરણો વાગોળ્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવતાં આર. ડી.દાદાની અનેક સ્મૃતિઓ અને પ્રસંગો કહી તેઓના જીવનનાં અદ્વિતીય દર્શન કરાવ્યાં. ◆

## ધારીમાં ડાયાબિટીસ, રેટીનોપેથી નિદાન અને સારવાર કેમ્પ

સ્વ. શાંતાબહેન વનમાળીદાસ સંઘરાજકા અને સંઘરાજકા પરિવાર-ધારી તથા અનુપમ મિશન સંચાલિત યોગીજી મહારાજ મહાવિદ્યાલય-ધારીના સંયુક્ત ઉપક્રમે ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ધારી ખાતે ડાયાબિટીસ, રેટીનોપેથી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ધારી પંથકના દર્દીઓએ બહોળી સંખ્યામાં હાજર રહી સારવારનો લાભ લીધો. આ આયોજનમાં યોગીજી મહારાજ મહાવિદ્યાલયનાં N.S.S.નાં બહેનોએ સ્વયંસેવિકા સ્વરૂપે સેવા આપી. આ કેમ્પમાં ૨૩૨ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ હાથ ધરવામાં આવી, જે પૈકી ૯૮ દર્દીઓના મોતિયાનાં સફળ ઑપરેશન કરવામાં આવ્યાં, ૩૨ દર્દીઓના લૅઝર દ્વારા પડદાનાં ઑપરેશન કરવામાં આવ્યાં તેમજ ૩૧ દર્દીઓને સિવિલ હૉસ્પિટલની સારવાર લેવા માટે સૂચિત કરવામાં આવ્યા, જેઓની સારવાર અમદાવાદ ખાતે થશે. આ કેમ્પમાં સદ્ગુરુ સાધુ પૂ. અરુણદાદા, સાધુ પૂ. થોભણદાસ, વિસાવદર આર્યસમાજના પ્રતિનિધિ સુધીરભાઈ ચૌહાણ, ડૉ. વાઘેલાસાહેબ, આચાર્યશ્રી ડૉ. આર. કે. દવે, ઈનોવેશન ક્લબ મૅમ્બર ડૉ. હરેશ પરમાર તેમજ N.S.S.ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. વૈશાલીબહેન ગોંડલિયાની ઉપસ્થિતિમાં ડૉ. જિજ્ઞેશભાઈ ગોસાઈ, ડૉ. વિપુલભાઈ પ્રજાપતિ અને તેમની ટીમે હાજર રહી દર્દીઓની સારવાર કરી. આચાર્યશ્રી ડૉ. આર. કે. દવે દ્વારા સર્વે સેવાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું. ◆

## ઝોળી પર્વ

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજની સ્મૃતિ સાથે પ્રતિ વર્ષ ઉત્તરાયણ-મકરસંક્રાંતિના શુભ દિને સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશનનાં દેશ અને વિદેશનાં કેન્દ્રોમાં અને મંડળોમાં ઝોળી પર્વ ઉજવાય છે, સંતો-ભક્તો-યુવાનો ભેગા મળીને ઝોળી માંગવા મુમુક્ષુ-ભક્તોના ઘરે પધારે છે. આ વર્ષે પણ ૧૪ જાન્યુઆરી ૨૦૨૬, ઉત્તરાયણના મંગલ પર્વે સંતો-યુવા કાર્યકર્તાઓ ઝોળીદાન સ્વીકારવા માટે પધાર્યા. 'સ્વામિનારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ !'ના નાદ સાથે સંતોએ સૌનાં ઘરે પધારી ઝોળી અર્થે આહ્‌લેક જગાવી તો ભક્તોએ પણ અત્યંત ભક્તિભાવથી ધન, ધાન અને અંતરના શ્રદ્ધાભાવ સાથે સંતોની ઝોળી છલકાવી દીધી, અને ભક્તો સર્વ પ્રકારે સુખી થાય તે માટે સંતોએ પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ કરી. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પણ આ પર્વે ભક્તોના ઘરે ઝોળી સ્વીકારવા પધાર્યા અને દિવ્ય સ્મૃતિ આપી. ભક્તિભાવે યોજિત આ પર્વમાં સેવાર્થે જોડાનાર સેવકોને ભક્તોના સમર્પણભાવ અને પ્રભુ તથા ગુરુ પ્રત્યેના અલૌકિક ભક્તિભાવનાં અને અપાર માહાત્મ્યનાં દર્શન-અનુભવ થયાં. ◆

## 'સાયોમૃત' મંદિર, દહેગામનો દશાબ્દી પાટોત્સવ

સન ૧૯૭૦માં સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી વાડીભાઈ, ઝવેરીદાદા અને શાંતિદાદાના પરિવારોએ સત્સંગનો શુભારંભ કર્યો. સમય જતાં સત્સંગનો પ્રસાર વધતો ગયો તેથી સંતભગવંત સાહેબજીની જ આજ્ઞાથી વાડીભાઈએ પોતાના આવાસમાં ૧૦ વર્ષ પહેલાં મંદિર કર્યું, જેમાં સ્વયં સંતભગવંત સાહેબજીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી અને મંદિરને 'સાયોમૃત' નામ આપ્યું. 'સાયોમૃત' મંદિરની મૂર્તિઓનો દશાબ્દી પાટોત્સવ ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ભક્તિઉમંગે ઉજવાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીની પુનિત ઉપસ્થિતિમાં સાધુ પૂ. જયેશદાસજી (અમૅરિકા), પૂ. કિરણદાસજી (ઈંગ્લૅન્ડ) સાથે અન્ય વ્રતધારી સંતો તેમજ ડૉ. જિતુભાઈ પટેલ (શિકાગો), ડૉ. તેજનભાઈ પટેલ (રોચેસ્ટર), ડૉ. રાહુલ પટેલ (ફ્લૉરિડા), દિનેશભાઈ પટેલ (ડેટ્રોઈટ), ગિરીશભાઈ (ફ્લૉરિડા), જોહનુભાઈ (ન્યૂઝીલૅન્ડ), સી. પી. પટેલ (કૅનેડા) આદિ વિદેશના અને અમદાવાદ તથા ઉત્તર ગુજરાતના અનેક હરિભક્તોએ પધારી અલૌકિક આનંદ અનુભવ્યો.

કાર્યક્રમના આરંભે દીપ્તિબહેન, અમિતભાઈ, દ્યુતિબહેન, કલ્પેશભાઈ અને ચેતનભાઈએ ખૂબ ભાવથી કીર્તનોનાં ગાન કર્યાં. યુવાનેતા ધર્મેન્દ્રભાઈએ સ્વાગત પ્રવચન કર્યું. ત્યારબાદ દીર્ઘ અને નમ્ર દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર બળિયો છે તે ભાવ દહેગામ મંડળના ભક્તોના જીવન પ્રસંગોને સાંકળી અભિનય દ્વારા પ્રસ્તુત કર્યા. ભક્તોના જીવનમાં સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને 'સ્વામિનારાયણ' મહામંત્રના બળે જે અદ્‌ભુત કાર્ય થયું તેની વાતો વિડીયો પ્રવચન દ્વારા રજૂ કરવામાં આવી.



'સાયોમૃત' મંદિર, દહેગામની દશાબ્દી-પાટોત્સવ સભામાં સાહેબજીનાં આશીર્દાન

પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક પ્રસન્નતા વ્યક્ત કરી. પૂ. અશ્વિનદાદાએ પૂ. શાંતિદાદાની સ્મૃતિ કરી, તેઓની આજ્ઞાથી દહેગામના ગૃહસ્થના ઘરનું આ મંદિર પ્રથમ મંડળનું અને હવે તો ગામનું મંદિર બની ગયું તે વાતનો આનંદ વ્યક્ત કર્યો તેમજ દહેગામમાં સત્સંગ અને મંદિર થવાથી સાઠંબા, બાયડ અને અરવલ્લી જિલ્લામાં ઘણાં મંડળ સ્થપાયાં, સાધુનો સંબંધ થવાથી સત્સંગનો વિકાસ થયો તેની સુંદર વાતો કરી. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, સત્સંગ કરવાથી વ્યસન-કુસંગ છૂટી જાય ને સુખી થવાય છે, ભજન-પ્રાર્થના કરવાથી, ભગવાનના શરણે જવાથી મનના સઘળા ઉદ્વેગ શાંત થઈ જાય છે અને પ્રગટ સાધુની ઓળખાણ થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રસંગે વાડીદાદા અને શાંતિદાદાનાં અમૃત પ્રાગટ્યપર્વ હોવાથી તેઓનાં સન્માન કરી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા. ◆

## અમૅરિકા સ્થિત વિખ્યાત થૉરેસિક કાર્ડિયોસર્જન ડૉ. ડેવિડ ચીરન અને કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજન પટેલનાં સન્માન

૧૯ જાન્યુઆરીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં પ્રગટ મંદિરજીના અક્ષરમહોલમાં શ્રી ઠાકોરજીની નિશ્રા અને સંતભગવંત સાહેબજીની સંનિધિમાં અમૅરિકાના રોચેસ્ટર સ્થિત વિખ્યાત થૉરેસિક કાર્ડિયોસર્જન ડૉ. ડેવિડ ચીરન અને કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજન પટેલનાં સન્માન થયાં. સાથે ડૉ. ચીરનનાં ધર્મપત્ની ડૉ. મેરી ચીરન અને ડૉ. તેજન પટેલનાં ધર્મપત્ની વિજ્ઞાની શ્રીમતી પારુલ પટેલનાં પણ અભિવાદન થયાં. ૨૦૧૫માં રોચેસ્ટરમાં ડૉ. ડેવિડ ચીરન અને ડૉ. તેજન પટેલની મૅડિકલ ટીમ દ્વારા ગુરુહરિ સંતભગવંત સાહેબજીના હૃદયની ઍન્યુરીઝમની સફળ સર્જરી કરવામાં આવી હતી. મૅડિકલ સાયન્સમાં અને વિશેષ રૂપે થૉરેસિક કાર્ડિયાક સર્જરીમાં અત્યંત જટિલ અને નાજુક ગણાતી આ સર્જરીને કરતાં પહેલાં ડો. ચીરન અને તેઓની ટીમે સંતો-ભક્તોએ કરેલી પ્રાર્થનાની શક્તિને અનુભવી હતી. પોતાના પ્રતિભાવ રૂપે ડો. ચીરને આ અનુભૂતિની તેઓની સ્મૃતિ તાજી કરાવતાં જણાવ્યું હતું કે, 'મેં અને અમારી આખી ટીમે ઑપરેશન રૂમમાં અનુભવ્યું કે કોઈ અત્યંત દિવ્ય સકારાત્મક શક્તિ અમારા દ્વારા જાણે કે આ અંત્યત જટિલ, પડકારરૂપ અને જોખમી સર્જરી કરાવી રહી છે. તેના પરિણામ સ્વરૂપે અમારાં આત્મવિશ્વાસ, પ્રભુ પરની શ્રદ્ધામાં અનેકગણો વધારો થયો અને અમને આ સર્જરી સફળતાપૂર્વક કરવા માટે જરૂરી સકારાત્મક માનસિક સ્થિરતા અને સમતા પણ પ્રાપ્ત થયાં.'

ડૉ. મેરી ચીરને પણ અનુપમ મિશનની તેઓની યાત્રાના અનુભવોને સુખદ આધ્યાત્મિક અનુભૂતિ ગણાવી ધન્યવાદ વ્યક્ત કર્યા. પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના સ્વાસ્થ્યની અપ્રતિમ સેવા બદલ અનુપમ મિશન અને સમગ્ર ગુણાતીત સમાજ સદાકાળ માટે ડૉ. તેજન પટેલ, શ્રીમતી પારુલ પટેલ, ડૉ. ડેવિડ ચીરન અને તેઓની સમગ્ર મૅડિકલ ટીમનો ઋણી રહેશે. ◆

## બ્રહ્મસ્વરૂપ પૂજ્ય સોનાબા શાશ્વત સ્મૃતિદિન વંદના

૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે બ્રહ્મસ્વરૂપ પૂજ્ય સોનાબાના નિર્વાણસ્મૃતિ દિન નિમિત્તે તેઓના સમાધિસ્થાને સવારે સદ્‌ગુરુ સંતોની પુનિત ઉપસ્થિતિમાં ભાવવંદના અર્પણ કરાઈ. આ પ્રસંગે સ્થાનિક અક્ષરમુક્તો, સંતો અને વિદેશથી પધારેલા ભક્તોએ હાજર રહીને પ્રાર્થનાઓ કરી. પૂજ્ય સોનાબાના માહાત્મ્યને વર્ણવતા કીર્તનના શ્રવણ બાદ પૂજન અને પુષ્પહાર અર્પણ કરાયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પૂજ્ય સોનાબાના નિઃસ્વાર્થ અને નિર્મળ પ્રેમની સ્મૃતિ કરી તેઓના દિવ્ય જીવન-પ્રસંગોને વર્ણવ્યા. પૂજ્ય સોનાબાની આજ્ઞા અનુસાર સૌએ તેઓની સ્મૃતિ સાથે ધૂન કરી. અંતે સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી પૂજ્ય સોનાબાના



અમૅરિકાના કાર્ડિયોસર્જન ડૉ. ડેવિડ ચીરન, કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજન પટેલનાં સન્માન



બ્રહ્મસ્વરૂપ પૂ. સોનાબા શાશ્વત સ્મૃતિદિન પ્રસંગે પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

જીવન-ઉપદેશોને વર્તનમાં લાવવા સંકલ્પ કર્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પણ માહાત્મ્યગાન કરી સૌએ ભક્તિ અદા કરી. ◆

## વસંત પંચમીએ પૂ. યોગીજી મહારાજ શાશ્વત સ્મૃતિદિન વંદના 'શ્રી શિક્ષાપત્રી' જયંતી અને પૂ. શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યદિન

૨૩ જાન્યુઆરી-ગુરુદેવ યોગીજી મહારાજના શાશ્વત સ્મૃતિદિને તેઓના શ્રીચરણોમાં વિશેષ વંદના ધરવામાં આવી. આ દિવસે વસંત પંચમી હોવાથી 'શ્રી શિક્ષાપત્રી' જયંતી અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્યદિન ઊજવવાની પણ તક પ્રાપ્ત થઈ. વહેલી સવારે 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીની શણગાર આરતી બાદ સંતભગવંત સાહેબજીની પુનિત ઉપસ્થિતિમાં સભા યોજાઈ. આ પ્રસંગે સ્થાનિક સંતો-ભક્તો તથા વિદેશથી પધારેલા અક્ષરમુક્તો હાજર રહ્યા. સભા પ્રારંભે યોગીબાપાના માહાત્મ્યને વર્ણવતા કીર્તનનું ગાન કરાયું. પૂજન-હાર અર્પણ કર્યા બાદ ગુરુદેવ યોગીજી મહારાજના આશિષ પ્રવચનનું શ્રવણ કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા અને યોગીબાપાના ઉપદેશને જીવન બનાવવા સુંદર સમજ આપી. સંતભગવંત સાહેબજીએ શાસ્ત્રીજી મહારાજના શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના કાર્યની સ્મૃતિ કરી ભક્તિમાર્ગે આગળ વધવા અને ગુરુવર્યોના કાર્યને વહેતું રાખવાની માર્મિક સમજ આપી આશીર્વાદ પાઠવ્યા. બપોરે રાજભોગ આરતી બાદ તથા વસંત પંચમીની પૂર્વ રાત્રિએ-૨૨મી તારીખની સભામાં પણ સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કરી આશીર્વાદ પ્રદાન કર્યા.

૨૩ જાન્યુઆરીના રોજ રાત્રે 'વર્ણીકુંજ' ખાતે શ્રી યોગીસ્મૃતિ દિન વાર્ષિક કીર્તન આરાધના અર્પણ થઈ. 'ભજન કરતાં કરતાં ક્રિયા કરતાં, સાધી ભગવા હૃદયની સાધુતા'- આ કેન્દ્રવર્તી વિચાર સાથે અનુપમ સૂરવૃંદના સંતો અને યુવા કલાકારોએ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીનાં અલૌકિક જીવન-માહાત્મ્યને કીર્તન, વિડીયોદર્શન, મહિમાગાન સ્વરૂપે છતું કર્યું. શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનમાં પડેલ મુશ્કેલીઓમાં, યોગીજી મહારાજે ગુરુભક્તિ અદા કરવામાં પડેલી આપદાઓમાં અને સંતભગવંત સાહેબજીએ ગુરુઆજ્ઞાનું પાલન કરવામાં આવેલી તકલીફોમાં કેવળ 'સ્વામિનારાયણ' મહામંત્રનો આશરો રાખી સંપૂર્ણ શ્રદ્ધા અને મહિમા સાથે ભક્તિભાવે અવિરત જીવન વહાવ્યું તો સઘળું પાર પડ્યું અને તેઓ સ્વયં પ્રભુના ધારક બની ગયા. આ આખી ગાથાને કીર્તનોની સુંદર રજૂઆત સાથે, અલૌકિક સુશોભન સાથે અને હૃદયસ્પર્શી પ્રસંગોનાં વર્ણન દ્વારા કરવામાં આવી, જેને માણી સૌ ખૂબ ભાવવિભોર અને પ્રસન્ન થયાં. ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પાડવાના સૌએ સંકલ્પ લીધા.

થોડા સમય પહેલાં અમેરિકામાં વસતા સક્રિય યુવા કાર્યકર્તાઓને સંતભગવંત સાહેબજીએ પરદેશમાં રહેતાં બાળકો-યુવાઓ માટે અંગ્રેજીમાં એક ન્યૂઝલેટર પ્રકાશિત કરવા આજ્ઞા કરી કે જેથી પરદેશમાં ઊછરતી પેઢી ભારતીય અધ્યાત્મ તથા સાંસ્કૃતિક અને દૈનિક જીવનના જરૂરી ભાવોને અને સંસ્કારોને સહજતા અને સરળતાથી સમજી શકે. વળી, તે ન્યૂઝલેટર બાળવૃત્તિને સંતોષે તેવું આકર્ષક અને મનોરંજક હોય તેવી રીતે તૈયાર કરવા જણાવ્યું. અમેરિકાના યુવાનેતાઓએ આ બીડું ઝડપ્યું અને 'અનુપમ' નામે અદ્‌ભુત ન્યૂઝલેટર તૈયાર કર્યું, જેનાં મુકતાર્પણ આ પાવન પ્રસંગે સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે થયાં. આ ન્યૂઝલેટરનું પ્રકાશન ડિજિટલ પ્લૅટફૉર્મ પર એટલે કે અનુપમ મિશનની વૅબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવ્યું.

અનુપમ સૂરવૃંદના સંતો-યુવાઓ દ્વારા કીર્તન આરાધના દરમિયાન અનેરી રીતે પ્રસ્તુત ગુરુવર્યોનાં જીવનદર્શનને માણીને સંતભગવંત



વસંત પંચમીના મંગલકારી પર્વે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી પર કીર્તન આરાધના અર્પણ કરતા અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનો

સાહેબજીએ તેઓ સૌ પર પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા અને ખરા અર્થમાં વસંત પંચમીની ઉજવણી કરી હોવાનો સંતોષ વ્યક્ત કર્યો. આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર, કરમસદ, મોગરીના સ્થાનિક ભક્તો ઉપરાંત વડોદરા, અમદાવાદ, વેમાર આદિ મંડળોના અને વિદેશથી પધારેલા ભક્તોએ મોટી સંખ્યામાં હાજર રહી ભક્તિ અદા કરી. ◆

## ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

*** પ્રજ્ઞાનતીર્થ, મોગરી :** ભારતના ગૌરવવંતા ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ને સોમવારે અનુપમ મિશનના ગુણાતીત સંતો, વડીલોની નિશ્રામાં યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ–આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ અને સહજાનંદ કલાસાધના તીર્થના શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા મહેમાનોની ઉપસ્થિતિમાં પ્રજ્ઞાનતીર્થ–સર્વાંગી શિક્ષણ સંસ્થાન, મોગરી ખાતે ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરીને કરવામાં આવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, કુલગુરુ પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. મનોજદાસજી અને સંતોની નિશ્રામાં ડૉ. જિતુભાઈ પટેલ (અમૅરિકા), દીપેનભાઈ રુઘાણી (ઑસ્ટ્રેલિયા), સુરેન્દ્રભાઈ પટેલ (યુ.કે.) આદિની હાજરીમાં અતિથિવિશેષશ્રી અમૅરિકાના કાર્ડિયોલૉજિસ્ટ ડૉ. તેજનભાઈ પટેલ દ્વારા તિરંગાને ગગનમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રભક્તિ અદા કરી.

ડૉ. તેજનભાઈએ સૌને અભિનંદન–શુભકામનાઓ પાઠવી પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. પૂ. અશ્વિનદાદાએ આશિષ પાઠવતાં જણાવ્યું કે, 'સૌ પોતાની શક્તિઓ માતૃભૂમિ અને માતૃભાષાનું ગૌરવ ઊજળું કરવામાં વાપરીએ. આપણી જવાબદારી અને ફરજો પરત્વે જાગ્રત બનીએ. કાર્ય એવું કરીએ જે ભક્તિ બની જાય.' પૂ. મનોજદાસજીએ સ્વચ્છતાપાલન, સ્વદેશી અપનાવવા, સર્વોત્કૃષ્ટતા અને સેવા તેમજ સંસ્કાર દ્વારા વ્યક્તિગત પ્રગતિ સાથે પરિવાર, દેશનું ગૌરવ વધારવા સમજ આપી.

ધોરણ ૭ની વિદ્યાર્થિની તીર્થી ઠક્કરે રાષ્ટ્રભક્તિસભર ચોટદાર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. સૂરવૃંદ દ્વારા રાષ્ટ્રવંદના કરી ઝંડાગીતગાન, ધોરણ ૭–૮ના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રગૌરવ ગીતગાન તથા વિશિષ્ટ નૃત્યસંયોજન, મિત્ર શાળાનાં દિવ્યાંગ ભૂલકાંઓ દ્વારા પ્રાસંગિક નૃત્યસંયોજન નિહાળી સૌ અભિભૂત થયાં.

આ પર્વે જ્ઞાનયજ્ઞ વિદ્યાલય અને અક્ષરપુરુષોત્તમ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટના તેજસ્વી વિદ્યાર્થીઓને 'ગુરુવર્ય પ.પૂ. જશભાઈસાહેબ સુવર્ણ જયંતી સ્મૃતિ પુરસ્કાર' તેમજ વિવિધ કક્ષાએ સંસ્થાને ગૌરવાન્વિત કરનાર જ્ઞાનયજ્ઞ વિદ્યાલય અને મિત્ર પુનર્વસન કેન્દ્રના વિજેતા રમતવીરોને, યુવા મહોત્સવ–વાંસળીવાદનના વિજેતા–ધોરણ ૧૦ના વિદ્યાર્થી સ્મિત પંચાલને, 'એક રાખી ફૌજી કે નામ' અભિયાન ચલાવનાર ધોરણ ૧૨ની ખુશી વૈદ્યને સમુચિત ઈનામ અને ખેસ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યાં.

આ પ્રસંગે ડૉ. તેજનભાઈ પટેલ તથા ઉપસ્થિત મહેમાનોનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી કુલગુરુ પૂ. રતિકાકાએ અભિવાદન કર્યું. ધોરણ ૮નાં વત્સલ બોરડ અને વિધિ ગોહેલે સરાહનીય સભાસંચાલન કર્યું. ◆

*** વી. એ. મુનશી નેચર ક્યૉર સૅન્ટર, વલ્લભવિદ્યાનગર :** અનુપમ મિશન સંલગ્ન અંબાલાલ મુનશી ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત વી. એ. મુનશી નેચર ક્યૉર સૅન્ટર, વલ્લભવિદ્યાનગર ખાતે ટ્રસ્ટીશ્રી સાધુ પૂ. રાજુદાસજી, અતિથિવિશેષશ્રી ડૉ. રાજી સીમોનજી (યુ.એસ.એ.), પૂ. હરિનંદન



'પ્રજ્ઞાનતીર્થ', મોગરી પર ભારતના પ્રજાસત્તાક પર્વની ઉજવણી



વી. એ. મુનશી નેચર ક્યૉર સૅન્ટર, વલ્લભવિદ્યાનગર ખાતે ગણતંત્રદિનની ઉજવણી

સ્વામીજી, પૂ. શ્રી હરિચરણ સ્વામીજી તેમજ વી. એ. મુનશી નેચર ક્યૉર સૅન્ટરના ઍડમિનિસ્ટ્રેટર શ્રી ભીખુભાઈ લાખાણી, પતંજલિ વૅલનૅસ-હરિદ્વારથી પધારેલ ડૉ. મનીષા યાદવજી, ડૉ. સમીક્ષા ગર્ગજી, યોગાચાર્ય રાજીવ સોનીજી, ડૉ. પાર્થિવ પરમાર તેમજ સંસ્થાના નિષ્ઠાવાન કર્મચારીઓની ઉપસ્થિતિમાં ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રિયગાનથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ ડૉ. રાજી સીમોનજીના વરદ હસ્તે ભારતનો રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રગીતનાં ગાન સાથે ગગનમાં લહેરાવવામાં આવ્યો. સ્વાગત કરતાં જાગૃતિબહેન દ્વારા રાષ્ટ્રની સમૃદ્ધિ તેમજ પ્રજાજનોમાં શાંતિ, એકતા અને સમૃદ્ધિ માટેની પ્રાર્થના કરવામાં આવી. દીપાલીબહેન દ્વારા સૌને રાષ્ટ્રિય પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. ત્યારબાદ ડૉ. રાજી સીમોનજીએ દેશભક્તિ અને નાગરિકોની ફરજ વિશે મનનીય પ્રવચન આપ્યું. ડૉ. સમીક્ષા ગર્ગજીએ આયુર્વેદ પ્રત્યે હકારાત્મક અભિગમ અને દેશભક્તિ વિશે હૃદયસ્પર્શી વાતો કરી તથા પૂ. હરિનંદન સ્વામીજીએ રાષ્ટ્રભક્તિ વિશે ભાવવાહી પ્રવચન આપ્યું. સાધુ પૂ. રાજુદાસજીએ ભારતના પવિત્ર સંવિધાન વિશે જ્ઞાનસભર માહિતી સાથે આશીર્વાદ પ્રદાન કર્યા. કાર્યક્રમના અંતમાં ભીખુભાઈ લાખાણીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા અતિથિવિશેષશ્રી અને મહાનુભાવો તેમજ સર્વે કર્મચારીગણનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. ◆

*** શારદા મંદિર, નડીઆદ :** સાક્ષર નગરી નડિયાદની સુપ્રસિદ્ધ શાળા અનુપમ મિશન સંલગ્ન નડિયાદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર: દિનકરરાય બાપાલાલ પંડ્યા પ્રાથમિક શિક્ષણ સંકુલમાં ભારતના ૭૭મા પ્રજાસત્તાકદિનની ઉજવણી સમારંભના પ્રમુખ મહેમાન અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા ૪૦ વર્ષથી સમાજસેવક તરીકે કાર્યરત એવા શ્રી લાલજીભાઈ એ. મિસ્ત્રીની ઉપસ્થિતિમાં થઈ.



શારદા મંદિર, નડિયાદમાં ગણતંત્રદિનની ઉજવણી

કાર્યક્રમના શુભારંભે ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય રજૂ કરવામાં આવ્યું. શ્રી લાલજીભાઈ મિસ્ત્રીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. શાળાની વિદ્યાર્થિની તત્સવી શ્રીમાળી (ધોરણ ૭)એ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શાળાના વિદ્યાર્થીઓને જનભાગીદારી અને આત્મનિર્ભરતાના ગુણ કેળવવાનું સૂચન કર્યું.

પ્રાથમિક વિભાગના રમતોત્સવ અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શાળાના ધોરણ ૧થી ૫ના બાળ કલાકારો દ્વારા દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવ્યું. માધ્યમિક વિભાગના ધોરણ ૯માં અભ્યાસ કરતા કલરવ વાઘેલાએ દેશભક્તિસભર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. મુખ્ય મહેમાનશ્રી લાલજીભાઈ મિસ્ત્રીને શાળાના પ્રાથમિક વિભાગનાં આચાર્યા પૂ. સરોજબહેનના વરદ હસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું. ટ્રસ્ટીશ્રી સાધુ પૂ. સુનીલદાસજીએ પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવતાં નિયમોનું પાલન કરી સાચી દેશભક્તિ વ્યકત કરવા સમજ આપી. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે ધોરણ ૮નાં સાન્વી શાહ તથા નક્ષ મિતલિયાએ સફળ સંચાલન કર્યું. ◆

*** યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી :** ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના પ્રાંગણમાં ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં યોગીજી મહારાજ મહાવિદ્યાલય ધારીના આચાર્યશ્રી ડૉ. આર. કે. દવેએ ધ્વજને મુક્ત ગગનમાં ફરકાવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતગાન સથે સલામી આપી. પ્રજાસત્તાક દિવસની ઉજવણી પ્રસંગે તેઓએ પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. ધ્વજવંદન કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ભાવેશ ઉનડકટ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલના ભૂતપૂર્વ આચાર્યશ્રી હરિયાણીસાહેબ, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થિની બહેનોએ હાજર રહી કાર્યક્રમની ઉજવણી કરી. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે ભારતના ૭૭મા ગણતંત્રદિનની ઉજવણી સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. અમદાવાદના પ્રાદેશિક સંતો સાથે અમેરિકાથી પધારેલ સાધુ પૂ. જયેશદાસજી અને ઇંગ્લૅન્ડથી પધારેલ સાધુ પૂ. કિરણદાસજીએ ધ્વજ ફરકાવી સલામી આપી. સાધુ પૂ. જયેશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. અમદાવાદના યુવાનેતા શ્રી ઘનશ્યામભાઈ પાઠકે દેશભક્તિસભર વાતો કરી ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂજ્ય શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિન વંદના !

૨૭ જાન્યુઆરી એટલે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિન ! તેઓ હૃદયસ્થ થયા તેના તૃતીય વાર્ષિક સ્મૃતિ પ્રસંગે સ્થાનિક સંતો અને ભક્તોએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે એકત્ર થઈને ભાવવંદના અર્પણ કરી. વહેલી સવારે સૌ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને એકત્ર થયાં. મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી ઠાકોરજી મહારાજ, ગુણાતીત સ્વરૂપો અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની મૂર્તિનાં પૂજન કર્યાં. પૂ. શાંતિદાદાની આશિષ પરાવાણીનાં શ્રવણ કર્યાં. ત્યારબાદ સૌ ભક્તિ-પ્રભાતફેરીમાં જોડાયાં. એક કલાક સુધી કીર્તનોના સથવારે પૂ. શાંતિદાદાની પાવન સ્મૃતિમાં ગરકાવ થઈ સૌએ પ્રદક્ષિણાભક્તિ અદા કરી. સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે સૌએ પૂ. શાંતિદાદાના જીવનમાહાત્મ્યને વાગોળી અલૌકિક ભક્તિ અદા કરી. ◆

## બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સાક્ષાત્કારદિન વંદના !

૩ ફેબ્રુઆરી-બ્ર.સ્વ. કાકાજી મહારાજના સાક્ષાત્કાર દિન નિમિત્તે સૌ સ્થાનિક સંતો-ભક્તો તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે પૂ. કાકાજી મહારાજના સમાધિસ્થાને એકત્ર થયા. સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે સૌએ પૂ. કાકાજીના મહિમાના કીર્તનનું શ્રવણ કર્યું. પૂજનભાવ અર્પણ કર્યા બાદ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં પૂ. કાકાજીની ગુણાતીત અવસ્થા, બ્રાહ્મીસ્થિતિના માહાત્મ્યસભર પ્રસંગો વર્ણવ્યા. પૂ. કાકાજી જપયજ્ઞનો હંમેશ આગ્રહ રાખતા તે સ્મૃતિ સાથે સૌએ ધૂન કરી, ભક્તિ અદા કરી. અંતે મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી, ભાવવંદના ધરી સૌ વિસર્જિત થયાં. ‘અક્ષરમહોલ’માં રાત્રિસભામાં માહાત્મ્યગાન કરી સૌએ ભક્તિ અદા કરી. ◆

## પર્થ-ઑસ્ટ્રેલિયામાં યોગી યૂથ ઍડવાન્સમેન્ટ કૅમ્પ યોજાયો

ઑસ્ટ્રેલિયાના પર્થ ખાતે યોગી યૂથ ઍડવાન્સમેન્ટ કૅમ્પ સ્વરૂપે સર્વપ્રથમ બાળશિબિરનું આયોજન સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ થયું. યુવાઓનાં આધ્યાત્મિક ઘડતર અને સંસ્કાર-વિકાસ માટે આ શિબિરનો આરંભ કરવામાં આવ્યો. આ શિબિરનું આયોજન સદ્‌ગુરુ સંતો, પ્રાદેશિક સંતોનાં માર્ગદર્શન અનુસાર યુવાનેતા સુસ્મિતાબહેન, મિત્તલબહેન તથા અમેરિકાનાં યુવાનેતા પૂ. મહર્ષિદાસજી, તૃષિલભાઈ, મનીષાબહેન, અંજલિબહેન, યશ્વિબહેનની આગેવાની હેઠળ થયું. વડીલોના આદર, ગુરુવંદના, પ્રભુને પ્રાર્થના અને કૃતજ્ઞતા આ શિબિરના મુખ્ય વિષયો હતા. આ દરેક વિષયો પર સચોટ અને વિગતવાર માર્ગદર્શન અપાયું. જીવનમાં લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આ ચાર પગથિયાંની અનિવાર્યતા અંગેની સમજ પ્રૅક્ટિકલ ઉદાહરણો સાથે આપવામાં આવી.

ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, મહિમા અને ભગવાન સાથે પ્રાર્થના વડે જોડાણ થાય તેવી અનેક પ્રવૃત્તિઓ જેવી કે થાળ-આરતી, પ્રેરણાત્મક વાર્તાઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને રમતો યોજવામાં આવી. તમામ બાળકોએ પોતાનાં માતા-પિતા અને ગુરુજનો માટે કૃતજ્ઞતા દર્શાવતો ભાવ એક પત્રમાં સંદેશારૂપે લખ્યો અને પોતાની લાગણીઓ વ્યક્ત કરી. ઘણાં ભૂલકાંઓએ સ્વયંસેવકો માટે પણ પોતાનો આભાર વ્યક્ત કર્યો, તેનાં દર્શન અદ્‌ભુત હતાં. પર્થ મંડળનાં ભાઈઓ અને બહેનોએ ભેગાં મળી વિવિધ વિભાગોની જવાબદારીઓ સંભાળી શિબિર સફળ બનાવી. ◆



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરના પ્રાંગણમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

## ઉપાસના ધામ, અમદાવાદ મંદિરની મૂર્તિઓનો નવમો પાટોત્સવ

અમદાવાદ સ્થિત ઉપાસના ધામમાં બિરાજમાન મૂર્તિઓનો નવમો પાટોત્સવ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા તથા સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો. અમદાવાદ પ્રદેશના સ્થાનિક સંતો ઉપરાંત બ્રહ્મજ્યોતિ, મોગરીથી અને વિદેશથી પધારેલ સંતોની પુનિત ઉપસ્થિતિમાં પાટોત્સવવિધિ સંપન્ન થઈ. વડીલ સંતોએ પાટોત્સવ પૂજન કર્યાં તેમજ સ્થાનિક ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા અને ભગવાનને કેન્દ્રમાં રાખીને સંતોનાં માર્ગદર્શને આધ્યાત્મિક અને જગતસંબંધી વ્યવહાર કરવાની રૂડી સમજ આપી.

સાંજે અક્ષરમુક્ત પંકજભાઈ પટેલના ‘ચંચળ પાર્ટી પ્લોટ’માં પાટોત્સવ ઉપક્રમે ‘અખંડ ભજનના બળે, શુદ્ધ ઉપાસના ફળે’ના કેંદ્રવર્તી વિચારને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ખૂબ સુંદર રીતે સ્થાનિક યુવાનો-યુવતીઓ અને બાળમંડળ દ્વારા પ્રસ્તુત કરાયો. સૌ પ્રથમ બાળમંડળના તેજસ્વી તારલાઓએ તેઓની બાળસભાની પ્રવૃત્તિ દ્વારા થયેલ વ્યક્તિગત અને સામૂહિક વિકાસનાં અદ્‌ભુત દર્શન નૃત્યભક્તિ દ્વારા કરાવ્યાં. ત્યારબાદ યુવાનો અને યુવતીઓએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મુખ્ય

પાંચ સિદ્ધાંતોને દૈનિક જીવનમાં વ્યાવહારિક રીતે અમલમાં મૂકવા અંગે ચોટદાર પ્રસંગો ભજવીને રજૂ કર્યા. સંતભગવંત સાહેબજી દ્વારા વખતોવખત અપાતાં દૃષ્ટાંતોનો આધાર લઈને ઉપાસનાના પાંચ મુદ્દાઓને ખૂબ અદ્‌ભુત રીતે દૃઢ કરાવ્યા. વિશેષ વાત એ હતી કે, સમગ્ર કાર્યક્રમની થીમ, સુશોભન, વિડીયો પ્રેઝન્ટેશન, સ્ક્રિપ્ટ લેખન, બૅકગ્રાઉન્ડ મ્યુઝિક આદિની વ્યવસ્થા અને સાકાર કરવાની સેવા પ્રાદેશિક સંતોનાં માર્ગદર્શને તેમજ યુવાનેતાઓની આગેવાની હેઠળ યુવાનોએ જ કરી. સંતભગવંત સાહેબજીએ સૌ પર અપાર રાજીપો વરસાવી સૌની ભક્તિને બિરદાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આવતા વર્ષે યોજાનાર મંદિરના દશાબ્દી પાટોત્સવનો જયકાર કરાવી રાજીપો વ્યક્ત કર્યો. ◆

## માણાવદર તીર્થમાં શ્રી શાંતિ યુવા મહોત્સવ

શ્રી અક્ષરદેરી સમાન માણાવદર તીર્થમાં ૨૪-૨૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંતભગવંત સાહેબજીનાં આશીર્વાદ અને પ્રેરણાથી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ‘શ્રી શાંતિ યુવા મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે યુવાઓ દ્વારા સુંદર સુશોભન કરવામાં આવ્યું. ૨૪ જાન્યુઆરીના રોજ સૌ યુવાઓએ વિવિધ રમતો રમી બ્રહ્માનંદ કર્યો. સાંજે સમૂહ આરતી બાદ સાધુ પૂ. દિનેશદાસજીએ આશીર્વાદ આપ્યા અને રાત્રે સૌએ ભજનસંધ્યાનો આનંદ માણ્યો. કીર્તનભક્તિ બાદ યુવાનો ક્રિકેટ રમ્યા અને યુવતીઓએ ગરબાની રમઝટ બોલાવી.

બીજા દિવસે વહેલી સવારથી જ સૌ મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ એકત્ર થઈ ધૂન-પ્રભાતિયાં-આરતીમાં જોડાયાં અને સાધુ પૂ. અશોકદાસજી (બાબુ)ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુણ્યતિથિ, અ.નિ. સાધુ પૂ. વ્યાસબાપા અને સાધુ પૂ. હરસદાસજીના



અનુપમ મિશન, માણાવદરમાં 'શ્રી શાંતિ યુવા મહોત્સવ' પ્રસંગે કીર્તન-ભક્તિ અર્પણ

પ્રાગટ્યપર્વની માહાત્મ્યદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું. સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશના યુવાનો અને વડીલો સાધુ પૂ. થોભણદાસજી, પાર્થ, કશ્યપ, વિરાજ, સાધુ પૂ. મહર્ષિદાસજી (યુ.એસ.એ.) અને સાધુ પૂ. નીરવદાસજી દ્વારા સંતોનો મહિમા ગવાયો. ત્યારબાદ સાધુ પૂ. અશોકદાસજી (એ.ટી.), પૂ. રમેશદાસજી (ઝા), પૂ. ગૌતમદાસજીએ પણ મહિમાગાન કરી આશીર્વાદ વરસાવ્યા. આમ, સંતોનાં સાંનિધ્યે યુવાઓ દ્વિદિવસીય મહોત્સવમાં આધ્યાત્મિક આનંદ માણી ધન્ય થયાં. ◆

## ભગતજી તીર્થ, વડોદરા ખાતે પ્રથમ પાટોત્સવ પૂજન

વડોદરામાં પ.પૂ. ભગતજી મહારાજ, પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ અને પ.પૂ. યોગીજી મહારાજના પાદપંકજથી અત્યંત પાવન એવા ભગતજી તીર્થ ખાતે ૪ ફેબ્રુઆરી ૨૦૨૬, બુધવારના રોજ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં તથા સ્થાનિક ભક્તો ઉપરાંત દેશ-વિદેશના હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રથમ પાટોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. મોટી સંખ્યામાં પધારેલા સૌ સંતોનાં અત્યંત ભાવથી સ્વાગત કરવામાં આવ્યાં. શ્રી ઠાકોરજી મહારાજ અને ભગતજી મહારાજ સમક્ષ સાધુ પૂ. સરજુદાસજી અને પૂ. શિલ્પદાસજીએ મહાપૂજા કરાવી, જેમાં વડોદરા પ્રદેશના સૌ ભક્તો વતી પ્રણવભાઈ-વૈશાલીબહેને મુખ્ય યજમાન પદે બિરાજી ભક્તિ અર્પણ કરી. સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીએ શ્રી ઠાકોરજી મહારાજ, ભગતજી મહારાજની મૂર્તિઓનાં અને ચરણારવિંદનાં પૂજન કરી સૌ માટે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે સ્થાનિક બહેનો દ્વારા તૈયાર કરેલ ૭૫ વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો.

આ દિવ્ય પ્રસંગ નિમિત્તે લાયન્સ હૉલ ખાતે સભાનાં આયોજન થયાં. બાલ-ભૂલકાંઓ અને કિશોરીઓ દ્વારા નૃત્યભક્તિ દ્વારા સૌનાં સ્વાગત કરાયાં. આ પ્રસંગે નવદીક્ષિત યુવાસંતોનાં વિશેષ સ્વાગત-સન્માન કરાયાં. યુવાનેતા આશિષભાઈએ સ્વાગત પ્રવચનમાં ગુરુ-મહિમાની સુંદર વાતો કરી. પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ ભગતજી તીર્થનો ઈતિહાસ અને ગુરુઆજ્ઞાપાલનનો મહિમા સમજાવી આશીર્વાદ પ્રદાન કર્યા. સંતભગવંત સાહેબજીએ ૪ ફેબ્રુઆરી ૧૯૬૫ના રોજ અટલાદરા ખાતે યોજિત શાસ્ત્રીજી મહારાજના જન્મશતાબ્દીના સમૈયાની અને ભગતજી તીર્થ ખાતે ઓટો કરી ચરણારવિંદ પધરાવવાની યોગીબાપાએ કરેલ આજ્ઞાને સંભારી તેમજ ઓટાના નિર્માણમાં જે-જે ભક્તોએ સેવાઓ કરી તેઓ સૌને સંભારી, સૌની ભક્તિને બિરદાવી રૂડા આશીર્વાદ વરસાવ્યા. ◆



સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં ડૉ. આર. ડી.દાદા પ્રતિમાસ્થાપન



અમેરિકાના યુવાઓ દ્વારા તૈયાર કરાયેલ 'અનુપમ' ડિજિટલ ન્યૂઝલેટરનાં મુક્તાર્પણ



પ્રાસાદિક ભગતજી તીર્થ, વડોદરા ખાતે પ્રથમ પાટોત્સવ પૂજન



પાટોત્સવ માહાત્મ્યસભામાં નવદીક્ષિત યુવાસંતોનાં અભિવાદન



ઉપાસના ધામ, અમદાવાદમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના નવમા પાટોત્સવ પ્રસંગે સાહેબજીનાં આશીર્દાન



ઉપાસના ધામ, અમદાવાદના નવમા પાટોત્સવ પ્રસંગે પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમના યુવા કલાકારો પર સંતભગવંત સાહેબજીની પ્રસન્નતાપૂર્ણ શુભાશિષ

॥ સ્વામિશ્રીજી ॥

# ભાવભર્યું નિમંત્રણ !



અહો આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !
આવો... પધારો... આનંદો...
સાધુતાના કસબી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને
આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજી મહારાજના પ્રાગટ્યપર્વે
રંગોત્સવે ભક્તિરંગમાં રંગાઓ...!



**બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો**
**૧૯૮મો પ્રાગટ્યોત્સવ**
**૨ માર્ચ ૨૦૨૬, સોમવાર**
**સાંજે ૦૭:૩૦ કલાકે**
શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ : સભા પૂર્વે







**સંતભગવંત સાહેબજી મહારાજનો**
**૮૭મો પ્રાગટ્યોત્સવ**
**૩ માર્ચ ૨૦૨૬, મંગળવાર**
**સવારે ૦૯:૦૦ કલાકે**
શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ : સભા પશ્ચાત્



સદ્‌ગુરુ સાધુ પૂજ્ય અશ્વિનદાદા, પૂજ્ય રતિદાદા, પૂજ્ય મનોજદાસજી અને
અનુપમ મિશનના સૌ સંતો વતી
સાધુ દિલીપદાસનાં વંદન સહ જય શ્રી સ્વામિનારાયણ !



**મહાઉત્સવ તીર્થ :**

અનુપમ મિશન **શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર**
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી ૩૮૮ ૩૪૫, તા.-જિ. આણંદ, ગુજરાત
સંપર્ક ફોન : +૯૧ ૨૬૯૨ ૨૩૦૪૮૩, ૨૩૦૫૪૪, મો. : +૯૧ ૯૯૨૪૪ ૨૧૪૨૧

ROUTE MAP

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
* Annual Subscription For India : Rs. 100/-
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-02-2026 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

<u>If Undelivered Please return to</u> :
Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,
Gujarat, India * Phone : (02692) 230483, 230544
email : amindia@anoopam.org * website: www.anoopam.org